

કિંમત રૂ ૫
શ્રી સ્વામિનારાયણ માસિક
પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૯૦ ● જૂન-૨૦૨૧
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા
શ્રી સ્વામિનારાયણ મ્યુઝીયમમાં કોવિડ સેન્ટર
પ્રકાશક:-
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧

## કોરોના મહામારીમાં અક્ષરવાસી થયેલ સદ્‌ગત આત્માઓને

# "શ્રધ્ધાંજલિ"


છેલ્લા કેટલાક સમયથી આપણા દેશ અને દુનિયામાં માનવજાતનો કાળ કોવિડ-૧૯ (કોરોના)થી ઓળખાતી ભયંકર મહામારીમાં વિશ્વના લાખો લોકો કાળનો કોળિયો બની ગયા છે. અગમ્ય કારણોથી આકસ્મિક ઉત્પન્ન થયેલ આપત્કાળમાં દેશ-દુનિયામાં વસતા જન સમાજને વર્તમાન સમયમાં આ મહામારીનો ભય સતાવી રહ્યો છે.

આવા સંકટના સમયમાં શ્રીજી મહારાજના શિક્ષાપત્રી શ્લોક ૧૧૯ ના વચન મુજબ કષ્ટને દેનારી આપદામાં પોતાની અને અન્યની રક્ષા કરવા સાવધાનીની સાથે સાથે આરોગ્ય વિભાગની સૂચનાઓનું પાલન તથા પૂજા પાઠ અને હોમ-હવન, તેમજ મંત્ર-જાપ, શાસ્ત્ર પઠન એવં પુરઃશ્ચરણ જેવા અનુષ્ઠાન અને દર્દીની મેડીકલ સેવાઓ તથા જરૂરી અન્ય સેવાકીય કાર્યો શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાન તરફથી દેશ-દેશાંતરના મંદિરો અને યુવક મંડળો દ્વારા કરવામાં આવી રહ્યા છે. આવા આપત્કાળ સમયમાં કોરોનાની મહામારીથી પીડિત અસંખ્ય સત્સંગીઓની શ્રીજી મહારાજે સહાય કરીને રક્ષા કરી છે અને કરી રહ્યા છે. તેમ છતાં અતિ વિપરીત સંજોગોમાં કેટલાક ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ દેશ-વિદેશમાં અક્ષરનિવાસી થયા છે. તેથી તેમના પરિવારમાં અને સંપ્રદાયમાં ન પૂરાય એવી મોટી ખોટ્ય પડી છે. અને એવા સનિષ્ઠ સેવાભાવી કાર્યકરોની સેવાઓનો આપણો સંપ્રદાય સદાય ઋણી રહેશે.

શ્રીજી મહારાજની મરજી એજ આપણું પ્રારબ્ધ.

તો શ્રીજી મહારાજ તે સૌ મુક્ત આત્માઓને નિજ સેવામાં રાખે તથા સદ્‌ગતના પરિવારજનોને પરિજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી શ્રી નરનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ. મોટા મહારાજશ્રી,
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી,
પ.પૂ. લાલજી મહારાજશ્રી
શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાન -
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર.




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૪ (મૂળ વર્ષ ૫૪) ● અંક : ૧૬૭ ● જૂન-૨૦૨૧


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રી નરનારાયણની પ્રાગટ્યભૂમિ | ૦૬ |
| ૦૪. | પર્વની સાથે સાથે | ૧૦ |
| ૦૫. | કુંડાળ | ૧૧ |
| ૦૬. | આદિ આચાર્યશ્રીની અમીદ્રષ્ટિથી | ૧૩ |
| ૦૭. | જન્મયા ત્યાંથી જરૂર જાણો...... | ૧૬ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૯. | ભક્તિસુધા | ૧૯ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૧ |

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

**મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.**


આ સત્ય સનાતન પરમેશ્વરનો સિદ્ધાંત છે. તેને ભૂલીને આપણે અસંખ્ય કરોડો ઉપાય કરીએ પણ તેમાં આપણને ક્યારેય સફળતા મળતી નથી, તે વાત હાલના વિપરીત સંયોગમાં યથાર્થ સિદ્ધ થતી જણાય આવે છે. માટે હંમેશા ભગવાન ઉપર ભરોંસો રાખીને સર્વ પોતાનો વ્યવહાર જે વ્યક્તિ કરે છે તેને જીવનમાં ક્યારેય પસ્તાવાનો સમય આવતો નથી. પરંતુ મનુષ્ય માત્રના હૃદયમાં અહંકાર એટલો વધારે ભરાઈ ગયેલો છે કે તે તે એમ માને છે જાણે હું જ બધું કરૂં છું. મારા વિના આ પ્રકારે પોતાના જગતનો અર્થાત ઘર કુટુંબ પરિવારનો વ્યવહાર કોણ ચલાવે તેમ છે. આ એક જાતના અહંકારમાંથી જ માનવ બહાર નીકળી શકતો નથી તેના કારણે તેના ધારેલાં કોઈ કાર્યો સિદ્ધ થતાં નથી. કારણ કે સમગ્ર યશ પોતાને એકલાંને જ માથે લેવાની જે પ્રવૃત્તિ તેના દિલ દિમાગમાં ઘુસી ગઈ છે. તે જ નથી સુખ આવવા દેતી કે નથી કોઈ જાતની શ્રેષ્ઠ સફળતા મળવા દેતી. તેનાથી નિરાશ થઈને મન ફાવે તેવા ઢગં ધડા વગરના નિર્ણયો કરીને પોતાના અને બીજાના માથે ઠોકી બેસાડવાની અવ્યવહારૂ પ્રવૃત્તિ કરાવા માંડે છે. જેથી પોતાની અને સમાજની દશા માઠી કરી બેસે છે. આવી વિપરીત કાર્ય કરણીથી પરમાત્મા જ સૌનું રક્ષણ કરી શકે છે. તે વિના કોઈના ઉપદેશ કે સલાહ કામ લાગે તેમ જણાતું નથી. તેથી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરીએ કે આ વિપરીત સમયમાં સૌનું રક્ષણ કરે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**





# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને
# પ.પૂ. લાલજી મહારાજશ્રીના
# કાર્યક્રમની તવારીખ



# ભગવાન શ્રી નરનારાયણની પ્રાગટ્યભૂમિ ધર્મારણ્ય ક્ષેત્ર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

એક સમયે ધર્મરાજાએ કઠિન તપસ્યા કરી. ઈન્દ્રાદિક દેવો કૈલાસ પર્વત પર આવી ભોળનાથને વિનંતી કરી કહ્યું કે, ધર્માત્મા ધર્મરાજ કઠિન તપ કરી રહ્યા છે. તેમને ક્યું પદ લેવાની ઈચ્છા છે ? જે માગે તે આપો પરંતુ તપસ્યા પૂર્ણ કરાવો. ભગવાન સદાશિવ દેવો પ્રત્યે બોલ્યા : તમે ધર્મ થકી ભય રાખશો નહિ તે વિરક્ત નિષ્કામી છે. આવું સાંભળી દેવોને શાંતિ મળી.

સ્વર્ગાધિપતિ ઈન્દ્રદેવને તેમ છતાં ઈન્દ્રપદનો ભય થવા લાગ્યો. તેથી સ્વર્ગની અપ્સરાઓને કહ્યું કે, તમે ધર્મારણ્યમાં જાઓ અને ધર્મદેવનું દુષ્કર તપ અટકાવો, વિઘ્ન નાખો. પ્રલોભન આપી ભ્રષ્ટ કરો. વરધીની નામે અપ્સરા દેવકાર્યની સિધ્ધિને અર્થે ધર્મારણ્યક્ષેત્રમાં આવી. રૂપ, લાવણ્ય, કળા, મોહ, સંમોહન વડે ધર્મના તપમાં ભંગ પાડવા કોટી-કોટી ઉપાયો કરવા લાગી. પરંતુ ધર્મદેવની તપસ્યાના પુણ્ય પ્રભાવે અપ્સરા વર્ધીની કામનાઓ બળી ગઈ અને પવિત્ર હૃદયવાળી થઈ કરબધ્ધ પ્રાર્થના કરવા લાગી. હે ધર્મધારી શ્રેષ્ઠ ! આપના દર્શન માત્રથી મારુ મન નિર્વિષયી બની ગયું છે. મને આપ એક વરદાન આપો.

''આ ધર્મારણ્ય મહાક્ષેત્ર છે. અહીં મારો અચલ નિવાસ થાઓ. આ તીર્થમાં કોઈ જપ-તપ-હોમ-સ્વાધ્યાય-શ્રાધ્ધ કરે તેને અક્ષય પુણ્ય મળે.'' ત્યારે ધર્મદેવે પ્રસન્ન થઈ તથાસ્તુ કહ્યું. અને પોતે તપસ્યા કરવા લાગ્યા.

વળી એક સમયે ધર્મરાજની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શ્રી શંકર દેવી પાર્વતીજીની સાથે ધર્મારણ્યક્ષેત્ર પધાર્યા. મહેશ્વરને જોઈ ધર્મદેવ ઉભા થઈ વંદન કર્યા. ચાલીશ નામોથી યુક્ત એક સ્તુતિગાન કર્યું. મહાદેવજી પ્રસન્ન થઈ ધર્મ પ્રત્યે બોલ્યા કે, હે ધર્મ ! તમારી તપસ્યાથી આ તીર્થ ''ધર્મારણ્યક્ષેત્ર'' તરીકે પ્રસિધ્ધ થશે અને બે જોજન વિસ્તાર ફરતે સમસ્ત દેહધારીઓ માટે સનાતન મોક્ષ સ્થાન બનશે. હું પણ આ તીર્થમાં મૂર્તિ સ્વરૂપે પ્રગટ થઈશ. અને અખંડ નિવાસ કરીને રહીશ. આમ કહીને મહાદેવજી અન્તર્ધાન થયા. ત્યાં જ એક અદ્ભુત લિંગ પ્રગટ થયું. તેની ધર્મદેવે સ્થાપના કરી તેથી ''ધર્મેશ્વર'' નામથી પ્રસિધ્ધ થયા.

ધર્મરાજે ત્યાં રહીને ધર્મવાવનું નિર્માણ કર્યું. જેમાં સ્નાન-જળપાન કરનારાને પાપોથી મુક્તિ મળે છે. જે કોઈ મનુષ્ય વ્યાધિદોષના નિવારણ તથા કલેશની શાન્તિને માટે અને અનેક પ્રકારના જવરાદિ રોગથી નિવૃત્તિને અર્થે ધર્મવાવના પવિત્ર જળના પાન માત્રથી મુક્તિ મળે છે. તથા પિંડદાન, તર્પણ, શ્રાધ્ધ આદિક ઉત્તર કર્મ કરાવનારાના ગર્ભવાસના દુઃખમાંથી મુક્તિ થાય છે. સિધ્ધોને સિધ્ધિદાયક અને યોગીઓને મુક્તિદાયક છે. પંચમહાપાપીને પાપોના કષ્ટથી છોડાવનાર છે. ધર્મારણ્યક્ષેત્રમાં એક પર્ણકુટીર બનાવીને ધર્મદેવ મૂર્તિ નામે પત્નીની સાથે રહેવા લાગ્યા. ત્યાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ત્રિદેવોના અંશથી શુધ્ધ કુલોત્પન્ન અઢાર હજાર બ્રાહ્મણો તપસ્યા હેતુ નિવાસ કરીને રહ્યા. બ્રહ્મવેત્તા - સદાચારી - વિદ્વાન - પવિત્ર - જ્ઞાની - બુધ્ધિશાળી - કર્મઠ - બ્રહ્મ પરાયણ - ત્રિકાળદર્શી - વિતરાગી - જીતેન્દ્રિય - સંયમી

જેવા અનેક સદ્‌ગુણોથી યુક્ત હતા. ૧૮ હજાર તપસ્વીના અધિપતિ ધર્મરાજ તે સૌના યોગ-ક્ષેત્રનું વહન કરતા. ધર્મારણ્યના સેવનથી બધા જ મનુષ્યો અહિંસક - અતિથિપૂજક - અને સદા સ્વધર્મપરાયણ બન્યા. ત્રિકાળ સંધ્યા, ગાયત્રી જપ, તર્પણ, વૈશ્વદેવ જેવા નિત્ય કર્મથી યુક્ત થયા. નિત્ય પ્રત્યે ધર્મેશ્વરની ષોડશોપચારથી પૂજા બિલ્વપત્રાદિથી યુક્ત અતિ પ્રીતિએ કરીને કરતા. અહીં ધર્મારણ્યમાં નિવાસી ઋષિઓ એવં મહાત્મા બ્રાહ્મણો મુખ્ય મુખ્ય ચોવીસ ગોત્રોમાં ઉત્પન્ન હતા. જેમાં ભરદ્વાજ, કૌશિક, કુશ, શાણ્ડિલ્ય, ગૌત્તમ, વશિષ્ઠ, ગાર્ગ્ય, આત્રેય, પરાશર, કૃષ્ણાયન, સાવર્ણી આદિ દ્વિજશ્રેષ્ઠ હતા.

આ ચોવીસ ગોત્રી વિપ્રોએ ગોત્રની રક્ષા હેતુ પોતાના ગોત્રની અધિષ્ઠાત્રી એક એક યોગીનીની સ્થાપના કરી. જેને સર્વે કુળદેવી તરીકે માનવા પૂજવા લાગ્યા. તદ્દતંર નરશ્રેષ્ઠોએ પોતપોતાના ગોત્રોના માતૃકાઓની પણ સ્થાપના કરી. જેના કારણે પોતે સૌ સુરક્ષિત થયા.

દેવોના એકસો વર્ષ વીત્યા પછી એક દિવસ બ્રહ્મા - વિષ્ણુ - શિવ આદિ ત્રિદેવોનું ધર્મારણ્ય પ્રત્યે આગમન થયું. આ તીર્થની પવિત્રતા તપશ્ચર્યા નિહાળીને તત્ક્ષણ કામધેનું ગૌમાતાને ધર્મારણ્યની પૂર્તિને અર્થે પ્રગટ કરી. નિવાસ આપ્યો તથા સકળ કાર્યની પૂર્તિ - સિધ્ધિને અર્થે ધર્મારણ્ય સ્થાનમાં વિવિધ પ્રકારની માનવ સૃષ્ટિને સ્થાન આપ્યું.

એકવાર પૂર્વકાળને વિષે ધર્મારણ્યમાં દુર્ગાદેવી તથા ગણેશજીની પ્રસ્થાપના દેવોએ કરી હતી.

વળી ધર્મારણ્યની ઉત્તર દિશામાં દેવરાજ ઈન્દ્ર વૃત્રાસુરના વધની બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થવા એકાગ્ર ચિત્તે જીતેન્દ્રિય થઈને ભગવાન શંકરની આરાધના કરતો હતો. તેથી પ્રસન્ન થઈને શિવજીએ કહ્યું કે, હે દેવરાજ ! ધર્મારણ્ય તીર્થમાં પ્રવેશ માત્રથી ગૌહત્યા - બ્રહ્મહત્યા - સ્ત્રી હત્યા જેવા મહાપાતક સ્મરણ, સ્નાન માત્રથી મુક્તિ આપનાર છે. તારી તપસ્યાથી પ્રસન્ન થઈને હું અહીં ઈન્દ્રેશ્વર નામથી અખંડ રહીશ.

વળી ત્રેતાયુગની એક વાત બ્રહ્મપુરાણમાં વ્યાસજી લખે છે કે, એક લોહાસુર નામે મદોન્મત રાક્ષસ બ્રાહ્મણના વેશમાં રહીને ધર્મારણ્ય ક્ષેત્રમાં આવ્યો. અહીંની સમૃધ્ધિ જોઈને આ સ્થળમાં પોતાનું સામ્રાજ્ય બનાવવા માણસોને જાત જાતના ઉપદ્રવો - કરીને પરેશાન કરવા લાગ્યો. બ્રાહ્મણોના યજ્ઞના પાત્રો તથા હોમ સામગ્રી ફેંકવા લાગ્યો. સમસ્ત જન સમાજને ત્રાસ આપવા લાગ્યો. લોહાસુરથી પ્રજા ત્રાહિમામ પોકારી જતા લોકો આજુબાજુના વિસ્તારમાં નવા ગામ-નગર વસાવી રહેવા લાગ્યા. તે સમયે સર્વ તીર્થોના ભૂષણરૂપ ધર્મારણ્ય ક્ષેત્ર ઉજ્જડ બની ગયું. લોહાસુરે તેની ભૂંડી દુર્દશા કરી નાખી. આવું ભયંકર દશ્ય જોઈ અસુર રાજી થકો પોતાની નગરી તરફ ચાલ્યો ગયો.

ત્યારબાદ ધર્મારણ્ય તીર્થનો પુનઃ જીર્ણોધ્ધાર હેતુ પિતામહ બ્રહ્માજીએ પોતાના પુત્ર ધર્મદેવની નગરી ધર્મારણ્યક્ષેત્રમાં ભાદરવા સુદી દ્વાદશીની તિથિએ સ્વર્ગથી સરસ્વતીજીને પ્રગટ કરી. જેમ માતાના દૂધથી શિશુઓનું સર્વ પ્રકારે પોષણ થાય તેમ સરસ્વતીના પવિત્ર જળથી ધર્મારણ્યતીર્થ પુનઃ મોક્ષપ્રદ બન્યું. બ્રહ્માપુત્રીના આગમનથી બ્રહ્માપુત્ર ધર્મદેવ ખૂબ જ પ્રસન્ન થયા. હવે જે કોઈ જન આ તીર્થમાં આવીને જપ - તપ - દર્શન - પૂજન - સત્કર્મ - શ્રાધ્ધ - તર્પણ - સ્નાનાદિક કર્મ કરે તેને માટે ભગવાનના વૈકુંઠધામના દ્વાર ખુલ્લા થઈ ગયા.

વળી એક ત્રેતાયુગના સમયમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રઘુનંદન સપરિવાર ગુરુ વસિષ્ઠજીને સાથે લઈને તીર્થાટન કરવા નીકળ્યા. ઉત્તર - પૂર્વ ભારતના તીર્થોની યાત્રા કરીને પશ્ચિમ ગામિની નર્મદાજીમાં સ્નાન પૂજા કરી ધર્મારણ્ય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. ત્યારે શ્રીહરિ રથમાંથી ઉતરીને પૃથ્વી ઉપર ચાલવા લાગ્યા. સાથે સાથે સૈનિકો - પરિવાર પણ જોડાયા. શ્રીરામજીએ સુવર્ણા (હાલની સાબરમતી) નદીના તટપર ધર્મરાજની કુટીરની સમીપે વિસામો - ઉતારો કર્યો. રામ સૈન્યને માંડલિકપુરમાં નિવાસ કરાવ્યો. રઘુપતિ રાઘવરાજા રામે સપત્નીક તીર્થક્ષેત્રમાં દર્શન - સ્નાન - દાન - પૂજન - તર્પણ - શ્રધ્ધાદિ વિધિપૂર્વક કરીને સુવર્ણાના તટપર રામેશ્વર ને કામેશ્વર મહાદેવની સ્થાપના શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી કરી.

એકવાર અર્ધરાત્રિના સમયે શ્રીરામ જાગરણ કરી રહ્યા હતા ત્યાં એક સ્ત્રીનો રુદનનો અવાજ કાને

સંભળાયો. ભક્તવત્સલ પ્રભુ તુરંત તે દિશામાં પહોંચ્યા. દુઃખથી સંતપ્ત તે અબળાને અભય વચન કહીને રુદનનું કારણ પૂછ્યું. તે સ્ત્રી બોલી - હે પરબ્રહ્મ - હું ધર્મારણ્ય ક્ષેત્રની અધિષ્ઠાત્રી દેવી છું. પાપી દાનવ લોહાસુરના દીર્ઘકાળના ત્રાસથી અહીંની જનતા પલાયન થઈ ગઈ. આપ રાજારૂપે પરમેશ્વર છો. આપના અભય વચનથી બધાને પાછા બોલાવી ધર્મારણ્યમાં પુનઃ સ્થાપન કરાવો. આપનો અવતાર મનુષ્યના કલ્યાણને માટે જ છે. તો બાર વર્ષથી નિરાધાર ભૂમિનો આપ તીર્થાધિપતિ બનીને રક્ષણ કરો. પ્રજાજનોનો પૂર્નઃવાસ કરાવવાની મારી વિનંતી છે. શ્રીહરિ રાઘવેન્દ્ર સરકારે બ્રાહ્મણોને ચારે દિશામાં જઈને બોલાવીને ધર્મારણ્યમાં વાસ કરાવ્યો. તથા તીર્થની અધિષ્ઠાત્રી જગદંબા જગતજની પરબ્રહ્મે સ્થાપના કરી. (જે આજે પણ ભદ્રકાળી રૂપે અમદાવાદમાં બિરાજે છે.)

ધર્મારણ્યમાં પૂર્વવત ચારેય વેદોની ઋચાઓનો ધ્વનિ ગુંજવા લાગ્યો. જપ - તપ - સ્વાહા - સ્વધા જેવા ગાયત્રી મંત્રોથી તીર્થમાં દેવત્વ પ્રગટ થયું. ધર્મારણ્યની અધિષ્ઠાત્રીદેવીની પ્રાર્થનાથી ભગવાન રઘુપતિએ ધર્મવાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો. તથા તેઓએ વિશાળ વેદી યજ્ઞશાળા, ગૃહશાળા, ગૌશાળા, બ્રહ્મશાળા વિગેરે નિર્માણ કરાવ્યા. તેમજ અસુરોએ ખંડિત કરેલા સ્મારકોને પુનઃનિર્માણ કરાવી પૂર્તકર્મ વિધિ કર્યો. તે સમયે બ્રાહ્મણોને સુવર્ણ-રત્નાદિથી યુક્ત ગાયોના દાન કર્યા. વળી આ ક્ષેત્રના રક્ષણને અર્થે વાયુપુત્ર હનુમાનજીની સ્થાપના કરી.

પિતામહ બ્રહ્માના હૃદયમાંથી પ્રગટ થયેલા ધર્મદેવના લગ્ન દક્ષની પુત્રીઓ અહિંસા - મૂર્તિ આદિ તેર પુત્રીઓ સાથે થયા હતા. જ્યારે જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ થાય ત્યારે ત્યારે ધર્મતત્વ સ્વયં પ્રગટ થાય છે. આ ભૂમંડળમાં ધર્મતત્વને ધારણ કરનાર પોષણ - પાલન સ્થિતિ - સંવર્ધન કરનાર ધર્મ મૂર્તિમાન રહે છે. ભૂમંડળના અસ્તિત્વમાં ધર્મતત્વ પ્રધાન ભાગ ભૂમિકા રહેલી છે. ધર્મ પોતાની પત્નીરૂપી શક્તિઓ અને સંતાનો રૂપી સાત્વિક વૃત્તિઓના પ્રભાવથી સર્વજીવ પ્રાણીમાત્ર આ લોક - પરલોકમાં સુખ-શાંતિનો અનુભવ કરે છે. ધર્મરાજ મૂળ રૂપે પોતાના પરિવારની સાથે શ્વેતદ્વીપધામને વિષે સદાય બિરાજે છે તથા બીજા રૂપે અવતાર ધારણ કરે છે.

ધર્મદેવ જગત કલ્યાણને અર્થે અવતાર ધારણ કરીને ધર્મારણ્યમાં તપસ્યા કરે છે. જ્યારે જ્યારે ધર્મનો અવતાર થાય ત્યારે ત્યારે ભગવાન પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નરનારાયણ રૂપે ધારણ કરીને યુગલ સ્વરૂપે પિતા ધર્મના તપસ્યાના કાર્યમાં જોડાય છે.

ધર્મદેવના ભરતખંડમાં મુખ્ય ત્રણ સ્થાનકો પુરાણોમાં કહ્યા છે. એક હિમાલયમાં બદરિકાશ્રમ - કલાપગામ બીજું સાબરગંગાના કિનારે આવેલ ધર્મારણ્યક્ષેત્ર જેનું વિસ્તૃતમાં વર્ણન સ્કંધપુરાણમાં કહ્યું છે. ત્રીજું અલકનંદા - દેવ નદીનો સંગમ દેવપ્રયાગ ક્ષેત્રમાં - મૂર્તિનો નિવાસ કહ્યો છે.

ધર્મદેવના ત્રણ નિવાસ સ્થાનમાં બદરિકાશ્રમ (બદ્રિનાથ) અને સાબરમતી નદીના કિનારે આવેલ ધર્મારણ્યમાં કોઈ એક સ્થાને પ્રત્યેક કલ્પના પ્રથમ સત્યુગમાં પરબ્રહ્મ પરમેશ્વર નરનારાયણના યુગલરૂપે ધર્મદેવ તથા મૂર્તિદેવીના નેત્રો થકી સોળ વર્ષની કિશોર અવસ્થામાં પ્રગટ થાય છે. માતા મૂર્તિદેવી - પિતા ધર્મદેવ થકી નરનારાયણના યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કરીને જગત કલ્યાણ - મુમુક્ષુઓના સત્કર્મના પાલન - પોષણ - વૃધ્ધિને અર્થે ભરતખંડની પ્રજાના મોક્ષને અર્થે માતા-પિતાની સાથે બદરિવનમાં તપ કરવા પધારે છે.

હાલમાં ભારતીય સનાતન હિંદુ પરંપરાના જ્યોતિષ ચક્રની ગણના મુજબ શ્વેતવારાહ, કલ્પ ચાલી રહ્યો છે. આ કલ્પના સમયમાં સર્વ પ્રથમવાર સ્વાયંભૂવ નામના મન્વંતરમાં પ્રથમ સત્યુગમાં પ્રભવનામે સંવત્સર બદરિકાશ્રમ - અલકનંદાના કિનારે આવેલ કલાપ નામે ગામના પિતા ધર્મદેવ - માતા મૂર્તિદેવી થકી ચૈત્ર સુદી એકાદશી પુણ્યનક્ષત્ર રવિવાર - ધ્રુવયોગમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન નર-નારાયણ - હરિ - કૃષ્ણ ચાર સ્વરૂપ ધારણ કરી પ્રગટ થયા. તેમાં હરિ-કૃષ્ણ બંને અવતાર શ્વેતદ્વિપમાં જઈને તપ કરવા માતા-પિતાની આજ્ઞાથી પધાર્યા. તથા નર-નારાયણ બે સ્વરૂપ બદરિધામમાં તપ કરવા લાગ્યા.

ત્યારબાદ આ વર્તમાન શ્વેતવારાહકલ્પના ચાક્ષુષ નામે મન્વંતર ચાલી રહ્યો હતો ત્યારે પૃથ્વી ઉપર એક બહુ

મોટી દુર્ઘટના બની. એકવાર દુર્વાસા મુનિએ દીર્ધકાલીન અનુષ્ઠાન કર્યું તેના ઉદ્યાપન અવસરે ઋષિ - મુનિ - દેવોએ દુર્વાસા મુનિનું પૂજન કર્યું. બરાબર યોગાનુયોગે તે સ્થળની નજીક દેવરાજ ઈન્દ્ર ઐરાવત હાથી ઉપર સવાર થઈને નીકળ્યા. મુનિએ દૈવયોગ માનીને પોતાના કંઠમાંથી પુષ્પમાળા ઉતારીને ઈન્દ્ર રાજાનું હિત કરવા તેના ગળામાં માળા પહેરાવી પ્રસન્નતા વ્યક્ત કરી. દેવરાજ ઈન્દ્રે આવા લાભને સામાન્ય ઔપચારિકતા (વ્યવહારિકતા) જાણી તે માળા ઐરાવતની સૂંઢમાં પહેરાવી. હાથીએ પશુ સ્વભાવવશ પગ નીચે કચડી નાખી. આ ઘટના જોઈ દુર્વાસા મૂળ સ્વરૂપે આવી ક્રોધાયમાન થઈ બોલ્યા - હે ઈન્દ્ર ! તું સત્તા - સંપત્તિના મદથી વિવેક શુન્ય બન્યો છે. જાઓ ત્રિલોકીની સંપત્તિ જળનિધિ સાગરમાં લીન થાઓ. દુર્વાસાના શાપના કારણે આખું જગત તત્વહિત થઈ જતા પ્રલયકારી વિનાશ થયો હતો.

ત્યાર પછી પુનઃ વર્તમાન શ્વેતવારાહ કલ્પના વૈવસ્વત મન્વંતરમાં પ્રજાપિતા બ્રહ્માના હૃદયમાંથી ધર્મદેવ પ્રગટ થયા અને પુનઃ દક્ષપુત્રી જે આદિ કાળમાં સુવર્ણા નદી - દેવ નદીથી કહેવાતી મૂર્તિ સાથે લગ્ન કરી પ્રથમ સત્યુગના કાળમાં સાબરમતી નદીના કિનારે આવેલ આદિ - અનાદિ સમયના ધર્મારણ્ય ક્ષેત્રમાં (જે આજે નારાયણઘાટ તરીકે ઓળખાય છે) જગત કલ્યાણ અર્થે ધર્મદેવે દેવોના બાર વર્ષ પર્યન્ત ફાગણ સુદી પૂર્ણિમાના ચોથા પ્રહરમાં ધર્મદેવ - મૂર્તિદેવીના નેત્રો થકી નરનારાયણ યુગલ સ્વરૂપે સોળવર્ષની કિશોર વય અવસ્થાવાળા પ્રગટ થયા. માતા પિતા પુત્રોને જોઈ ખૂબજ રાજી થયા.


ભગવાન નરનારાયણનું (પ્રાદુર્ભાવ સ્થળ) જન્મ સ્થાન નારાયણઘાટ તરીકે જગવિખ્યાત થયું. જ્યાં (હાલ આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલું છે). પુત્રોના યજ્ઞો પવિત આદિ સંસ્કારો કરીને અતિ મોટો ઉત્સવ કર્યો. આકાશમાંથી દેવોએ આવી માતા-પિતા અને પરમાત્માની સ્તુતિ વંદના કરી. શ્રી નરનારાયણ ભગવાને માતા-પિતાને પૂછ્યું કે, કહો અમે આપને પ્રસન્ન કરવા કેવો પ્રયત્ન કરીએ ? ત્યારે માતા-પિતા કહે હે પુત્રો ! અમને તપ અતિ વહાલું છે તો તમે ભરતખંડની પ્રજાના કલ્યાણને અર્થે હિમવનમાં જઈને તપ કરો. માતા-પિતાની આજ્ઞા લઈ શ્રી નરનારાયણ ભગવાન બદરિવનમાં પધાર્યા. એક નાની કુટીર બનાવી બેઉ ભાઈએ ભરતખંડની પ્રજાના કલ્યાણને અર્થે તીવ્ર તપ આદર્યું.

ત્યારપછી માતા પિતા હિમાલય બદરિનાથ જવાના માર્ગે અલકનંદા દેવનદીના સંગમ પર આવેલા દેવપ્રયાગને વિષે રહીને તથા બદરિધામમાં એમ યથા હરિ ઈચ્છા, યથા યોગ્ય સમય રહીને આજના સમયે તપ કરી રહ્યા છે.

એકવાર બદરિધામમાં અઠ્યાસી હજાર ઋષિ - મુનિઓની સભા થઈ હતી. તેમાં ધર્મ-મૂર્તિ હરિ ઈચ્છાથી પધાર્યા હતા. ત્યાં હરિપ્રેરિત દુર્વાસામુનિનું આકસ્મિક આગમન થયું. તે સમયે આદર સત્કાર વિના દુર્વાસા ઋષિએ સમસ્ત સભાને શાપ આપ્યો.

દુર્વાસાના શાપથી ધર્મદેવનો જન્મ ઈટાર ગામે અને મૂર્તિ દેવીનો જન્મ છપૈયા ગામને વિષે થયો. ત્યારબાદ ધર્મભક્તિના લગ્ન થયા. તેમના થકી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા.

બદરિવનના સેવક ઉધ્ધવજી સાક્ષાત્ ગુરુ રામાનંદ સ્વામી રુપે અયોધ્યામાં પ્રગટ થયા.





# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

૨૭, ફેબ્રુઆરી ૨૦૨૨ થી ૫ માર્ચ ૨૦૨૨. એ સપ્તદિવસો દરમ્યાન ઉજવવામાં આવનાર આપણું ''પર્વ'' એ સાચા અર્થમાં પર્વ બની રહેવાનું છે.

મંદિરમાં જે દિવસે મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તે દિવસ એટલે જે તે મંદિરનો પાટોત્સવ, પાટ + ઉત્સવ - પાટ એટલે પ્રસ્થાપન. વિશ્વના સૌ પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદની વિશેષતા જ એ છે કે જેના ગર્ભગૃહમાં સાક્ષાત્ બદ્રિપતિ એવા શ્રી નરનારાયણ ભગવાન બિરાજે છે અને એ દિવ્ય અલૌકિક મૂર્તિમાં પ્રાણ ફૂંકનાર અને એ પ્રતિમાનું પ્રસ્થાપન કરનાર બીજા કોઈ નહિ પરંતુ સાક્ષાત્ સર્વાવતારી શ્રીહરિ સ્વયં પોતે છે !

**''સુંદર માસ સોયામણો, ફાગણ સુદી તૃતિયા તિથિ**
**તે દિને સ્થાપન કર્યું, વાલો આવ્યા વિશાળા વનથી ॥**
**વિકટ અદ્રિ, બદ્રિ આડા, જઈ ન શકે ત્યાં કોઈ**
**અતિ અગમ તે સુગમ થયા, હરિજનનાં હેત જોઈ ॥**

(ભક્તચિંતામણી પ્ર.-૮૬)

ગુજરાતની ભૂમિનાં અને એમાંય અમદાવાદના ભક્તજનોના એવા તે કેવા હેત હશે કે અતિ અગમ એ આટલા બધા સુગમ થઈ ગયા છે !! આપણા ભગ્યનો તો પાર આવે એમ નથી.

કોરોનાના વિષમ કાળમાં મંદિરો ભલે બંધ છે પરંતુ શ્રી નરનારાયણ ભગવાનનાં નિત્ય શણગારનાં Live દર્શન આપણ સૌને ચેનલ ઉપર ઉપલબ્ધ હોય છે જ અને સર્વે ભક્તજન એમના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

પર્વ મહોત્સવ અંતર્ગત શ્રી કાલુપુર મંદિરની Official ચેનલ ઉપર નિત્ય કથાનું રસપાન કરાવવામાં આવે છે. (Youtube ચેનલ Link)

''પર્વ નિત્ય સત્સંગ કથા'' એ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિભૂષણની પવિત્ર કથા દરરોજ ૧ કલાક માટે ચેનલ પરથી Live પ્રસારિત કરવામાં આવે છે (યુટ્યુબ ચેનલ) સંપ્રદાયના જ્ઞાની એવા સદ્ગુરુ શાસ્ત્રી સ્વામીઓ વારાફરતી કથાનું દિવ્ય પાન કરાવી રહ્યા છે.

''પર્વ નિત્ય સત્સંગ કથા''ની એક વિશેષતા એ છે કે : ''શ્રી સ્વામિનારાયણ'' ભગવાનની જય - શ્રી નરનારાયણ ભગવાનની જય બોલાવીને તુરંત જ કથાનો પ્રારંભ થાય છે અને સમગ્ર સમય દરમ્યાન માત્ર ને માત્ર શ્રીહરિનાં દિવ્ય ચરિત્રોનું જ રસપાન પીરસવામાં આવે છે. નહીં કોઈ આડી, અવળી સુફિયાણી સલાહો કે વ્યવહારની વાતો, ધાર્મિક ચેનલો ઉપર અનેક કથાઓ રાત દિવસ પ્રસારિત થાય છે. પરંતુ પર્વ નિત્ય સત્સંગ કથા એકદમ નોખી તરી આવે છે ! કથાની સમાપ્તિમાં બે મિનિટ ષડક્ષરી મહામંત્ર એવા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની મીઠી ધૂન અને છેલ્લે ''શ્રી નરનારાયણદેવ પાહીમામ્'' અષ્ટકની મધુર સુરાવલિઓ સાથે વિશ્વના સૌ પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણ ભગવાનના મંદિર અને એની મૂર્તિઓની મધુરી ઝલક.

શ્રી નરનારાયણ ભગવાનના મુખારવિંદના ખૂબ નજીકથી દર્શનનો અનેરો લ્હાવો મળે છે.

કાળી કામણગારી શ્રી નરનારાયણ ભગવાનની મનોહર મૂર્તિનાં મુખારવિંદનાં દર્શન કરીએ છીએ ત્યારે જાણે કરોડો શ્રીકૃષ્ણના માધુર્યને પણ ક્ષણ માટે ભૂલી જવાય એવું એનું સૌંદર્ય છે !

દીર્ઘદર્શિતા ધારી રહેલા એવા વર્તમાન આચાર્યશ્રી પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કૌશલ્યની અનુભૂતિ પર્વ નિત્ય સત્સંગ કથા સાંભળતી વખતે અનુભવાય છે.

ભલે કોરોનાના કપરા કાળમાં આપણે બધા ઘરે જ છીએ અને નિત્ય મંદિરે જવાતું નથી પરંતુ ''આપણા ધણી'' એવા શ્રી નરનારાયણ મહાપ્રભુ નિત્ય સામે ચાલીને આપણને ચેનલના માધ્યમ દ્વારા દર્શન દેવા પધારે છે ! આનાથી મોટાં બીજા ભાગ્ય આપણા ક્યા હોઈ શકે !

કેમ કે,

મોટા મુનિનાં ધ્યાનમાં નાવે, તે અણતેડે આંગણે આવે !

## અમદાવાદ શહેર નજીક
## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

- સંકલન : પ્રફુલ ખરસાણી

# કુંડાળ







શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા અને મુમુક્ષુઓના કલ્યાણ અર્થે સમગ્ર ગુજરાતમાં વિચરણ કર્યું છે. અમદાવાદ મંદિરમાં પ્રતિષ્ઠા બાદ અમદાવાદની આસપાસના નાનામાં નાના ગામોમાં પણ છેક નીચલા વર્ગના લોકોના ઉદ્ધાર માટે વિચરણ કર્યું હતું તેમાંનું એક ગામ એટલે મહેસાણા જિલ્લાના કડી તાલુકાનું કુંડાળ ગામ.

અહીં હરિ મંદિર છે. મંદિર પૂર્વદ્વારનું છે. અહીં ઘનશ્યામ મહારાજની પટ મૂર્તિ પધરાવેલી છે. અહીં શ્રીહરિ પાંચવાર પધારેલા છે. અહીં કલા ભક્તનું ઘર પ્રસાદીનું છે. તે કલા ભક્તને ઘેર શ્રીહરિ પાંચ પાંચ દિવસ સુધી રહ્યા હતા. ત્યાં છત્રી છે. તે જગ્યાએ શ્રીહરિ થાળ જમ્યા હતા. અહીં કલાભક્તની વાડી તેમજ કૂવો પ્રસાદીનાં છે. આ ગામ સંપ્રદાયમાં ખૂબ જ જાણીતું છે. કલાભક્તએ પોતાનું ખેતર ન્યાયથી પાછું મેળવવા અગ્નિથી તપાવેલો લોખંડનો ગોળો ઉપાડ્યો હતો (તે હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શનાર્થે રખાયેલ છે.)

**કુંડાળમાં શ્રીહરિ :-** આ ગામની પવિત્ર ભૂમિમાં શ્રીહરિનું આગમન ઘણી વખત થયેલું છે. તેમજ આ ગામની રમણિયતા જોઈ શ્રીહરિ સંતો એ સહિત વારંવાર આ ગામમાં પધારતા હતા.

એક સમયે શ્રીહરિ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી , નિત્યાનંદ સ્વામી, મુકુંદવર્ણી આદિ મુનિ મંડળ સહિત તેમજ કાઠી અસ્વારો સહિત રાજપુર આદિ ગામોમાં વિચરણ કરતા કુંડાળ ગામે પધાર્યા હતા. જે કુંડાળ ગામની શોભા અત્યંત રળિયામણી છે તેમજ વૃક્ષોના સમૂહથી ખૂબજ શોભાયમાન છે. પોતાના ગામમાં શ્રીહરિનું આગમન સાંભળી શ્રીહરિના દૃઢ આશ્રયવાળા ભક્ત શ્રી કલાભક્ત તથા મોતીરામભક્ત તથા અંબાઈદાસ અને નંદરામ નામના બ્રાહ્મણ ભક્ત ચંદન, કુમકુમ અક્ષત અને પુષ્પહાર સહિત વાજતે ગાજતે શ્રીહરિના સામા ગયા, ત્યારબાદ શ્રીહરિનું સન્માન કરી, પૂજા કરી તથા દંડવત્ પ્રણામ કરી શ્રીહરિનું વાજતે ગાજતે સામૈયું કરી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. તે પ્રેમી ભક્તોએ પૂજેલા તેમજ સામૈયું કરેલા ભગવાન શ્રીહરિ કલાભક્તના ઘેર પધાર્યા. શ્રીહરિમાં દૃઢ આસક્તિ છે એવા કલાભક્તે શ્રીહરિને સુંદર સુશોભિત આસન ઉપર વિરાજમાન કરી કુમકુમ, અક્ષત આદિ નાના પ્રકારના ઉપચારો વડે પૂજા કરી આરતી ઉતારી. ત્યાર પછી સંતો, પાર્ષદો તેમજ કાઠી અસ્વારોને પણ યથા યોગ્ય નિવાસ કરાવ્યો. આમ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ કલાભક્તના મનોરથ પૂર્ણ કરવા સતત ત્યાં પાંચ દિવસ સુધી અહીં રહ્યા. આમ પાંચ દિવસ સુધી કલાભક્તના ઘેર રહેલા મહાપ્રભુ સર્વજનોને જ્ઞાનોપદેશ આપી તેમજ સર્વના મનોરથો પૂર્ણ કરી ત્યાંથી કડી નગરના સરોવરને પામ્યા.

**કુંડાળના કલાભક્તની કરેલી શ્રીહરિએ રક્ષા :-** આ કુંડાળ ગામમાં વૈશ્ય જાતિના શ્રીહરિના એકાંતિક કલા નામના ભક્ત રહેતા હતા. સ્વધર્મમાં નિષ્ઠાવાળા, શૂરવીર, સત્સંગમાં આસક્ત મનવાળા, સાધુ સેવાપરાયણ, ધીર અને સદા શ્રીહરિની આજ્ઞામાં વર્તતા હતા. એવા તે કલાભક્ત ''શ્રી સ્વામિનારાયણ ભગવાન કાળ, માયા વિગેરેના નિયંતા પ્રત્યક્ષ ભગવાન છે''

## અમદાવાદ થી કુંડાળ જવા

### અમદાવાદથી રાજપુર-કડી જતી એસ.ટી.બસમાં
### બાય રોડ ૧ કલાક ને ૧૫ મિનિટ
### અમદાવાદ એરપોર્ટથી ૧ કલાક



એમ સૌને કહેતા હતા. હે જનો ! અસુરાંશ ગુરૂઓએ ભમાવેલા અને મતરૂપી પાશમાં બંધાયેલા તમો તે મતોમાં મૂર્ખપણાથી કેમ રહો છો ? એ મતોનો આશ્રય કરવાથી સંસારમાંથી મુક્તિ નહિ જ પામો. તેથી હે જનો ! મુક્તિને આપનારો આ પવિત્ર સત્સંગ કરો, અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરી તેમને ભજો. તેથી ઈચ્છિત સુખને તમો પામશો. આ પ્રકારે તે ભક્ત શૌર્યવાળી વાતો કરીને ઘણાને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અતિ દઢ આશ્રય કરાવતા હતા. તેમણે કહેલી તે વાર્તા સાંભળીને મત્સરવાળા, અસુરભાવવાળા, તેમના બંધુજનો તથા અન્યજનો બળવા લાગ્યા. તેથી તે દુષ્ટજનોએ તે ભક્તને સત્સંગમાંથી ભ્રષ્ટ કરવા માટે તેમનું ખેતર અન્યાયથી લઈ લીધું અને તેને નાત બહાર કર્યા. આવી રીતે તે અસુરોએ વારંવાર તેમને પીડા કરી, પરંતુ ''રામ રાખે તેને કોણ ચાખે'' તે કહેવત અનુસાર તે ભક્તતો પ્રહલાદની માફક પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિમાંથી ચલાયમાન થયા નહિ. પછી તે ભક્ત દુષ્ટજનોએ લઈ લીધેલું પોતાનું ખેતર પાછું લેવાની ઈચ્છાથી દુષ્ટોની સાથે રાજાની પાસે ગયા. તે ભક્તરાજે રાજાને આ પ્રમાણે કહ્યું કે, હે ભૂપતે ! મારા ગામમાં રહેનારા આ માણસોએ મારૂં ખેતર અન્યાયથી બળપૂર્વક લઈ લીધું છે. તે ભક્તે આ પ્રમાણે કહ્યું તેથી તે રાજાએ મુખ્ય મંત્રીઓને પૂછ્યું કે, હે મંત્રીઓ ! ખેતર આનું છે કે એમનું છે ? પરંતુ તે દુષ્ટો તરફથી મંત્રીઓએ લાંચ લીધેલી હોવાથી તે મંત્રીઓએ ખેતર કલાભક્તનું નથી એમ અન્યાય પૂર્વક કહ્યું. રાજાને તે મંત્રીઓએ આ પ્રમાણએ કહ્યું તેથી ખેદ પામેલા તે ભક્તરાજ કલાભક્તે રાજાને કહ્યું કે, હે નૃપ ! એ ખેતર નક્કી મારૂં જ છે. ત્યારે રાજાએ ભક્તરાજ કલાભક્તને કહ્યું કે, જો ખેતર તમારૂં હોયતો અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો તમે બંને હાથમાં ઝાલીને વીશ પગલા ચાલીને તે ખેતર તમો લઈલો. તેવું રાજાનું વચન સાંભળી કલાભક્તે રાજાના અમાત્યોને ''બહું સારૂં'' એમ કહ્યું. પછી રાજાના કારભારીઓની સાથે પોતાને ગામ આવ્યા. ત્યાંના તેમના દુશ્મનો તે મંત્રીઓ સહિત તે કલાભક્તને લઈને તત્કાળ તે ખેતરમાં આવ્યા.

પછી તે પાપીઓએ, લોઢાનો ગોળો અગ્નિથી અત્યંત લાલ કરીને કલાભક્તને કહ્યું કે, હે ભક્ત ! જો આ ખેતર તમારૂં હોય તો તમો આ ગોળો ઝાલો અને વીશ પગલાં સુધી ચાલતાં જો ન બળો તો આ ખેતર તમો લઈલો. પછી વિચક્ષણ, ધૈર્યવાળા, કલાભક્તે 'બહું સારૂં' કહીને પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા. શ્રીહરિએ તે સમયે તે ભક્તને દર્શન આપ્યા. અને કહ્યું કે, હે ભક્તવર્ય ! તમો બીક રાખશો નહી. હું તમારી સમીપ છું. આ તપેલો ગોળો તમો પકડો. તમારા બન્ને હાથને અગ્નિ બાળશે નહી. શ્રીહરિએ એ પ્રમાણે કહ્યું તેથી ભક્તે તપેલો લોખંડનો ગોળો લઈને વીશ પગલા ચાલ્યા. ભક્તના હાથ બળ્યા નથી એ જોઈને સૌ આશ્ચર્ય ચકિત થઈ ગયા. પછી સંતોષ પામેલા રાજાના અમાત્યોએ તે ભક્તને આ પ્રમાણે કહ્યું કે, હે સન્મતે !એ ખેતર તમારૂં જ છે. તે સત્ય છે. સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન સત્ય છે. એમ અમોએ આજે જાણ્યું. ત્યાર પછી રાજાના અમાત્યોએ પ્રીતિપૂર્વક મહામૂલ્યવાળું ઈનામ તેમને આપ્યું, આ રીતે પોતાના આશ્રિત ભક્તોના દુઃખોનો નાશ કરનાર, ઈશ્વરેશ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના એકાંતિક ભક્તનું રક્ષણ કરીને અંતર્ધાન થઈ ગયા.

કુંડાળના ભક્તજનોની નામાવલિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી એ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૧૧૯માં નીચે પ્રમાણે ગૂંથેલ છે.

**કણબી ભક્ત કલો પુંજાભાઇ,**
**ભક્ત કેવળ ને રૂપાંબાઇ ॥૮૧॥**
**એહાદિ ભક્તજન દયાળ,**
**ભજે હરિ રહે ગામ કુંડાળ ॥**

ઉપર જણાવેલા ભક્તજનોને શ્રીહરિએ ખૂબ ખૂબ સુખીયા કરી પોતાના અક્ષર ધામનું સુખ આપ્યું છે. આ પ્રમાણે કુંડાળ ગામની પ્રભાવશાળી ભૂમિને શ્રીહરિએ પોતાના ચરણ કમળો વડે અત્યંત પાવન કરી તીર્થરૂપ બનાવી છે.

# આદિ આચાર્યશ્રીની અમીદ્રષ્ટિથી અક્ષરધામ !

લેખક : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)



સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી પર પધારી સનાતન એકાંતિક ભાગવત ધર્મનું સ્થાપન કર્યું. મનુષ્ય સ્વરૂપે રહેલા શ્રીહરિએ પોતાના વિશે પ્રીતિવાળા એવા શ્રેષ્ઠ એકાંતિક ભક્તજનોને ખૂબ દિવ્ય સુખ આપ્યું. ખૂબ લાડ લડાવ્યા અને ભક્તજનોના તમામ શુભ મનોરથ પરિપૂર્ણ કર્યા. પ્રગટ ભગવાનના સ્વરૂપની ઓળખાણ થવાથી જીવાત્માનું કલ્યાણ થાય છે. એ ન્યાયે પોતે પૃથ્વી પરથી અંતર્ધાન થયા પછી પણ પ્રગટ રહે. ભવિષ્યમાં થનારા ભક્તોને અવલંબન રહે. નિરાધાર ન થાય અને આત્યંતિક કલ્યાણનો આ માર્ગ અખંડ ચાલું રહે તેવા શુભ હેતુથી ગઢપુરમાં રહીને અંતર્ધાન થતા પહેલા શ્રીહરિએ જે ત્રણ ગૂઢ સંકલ્પ કરેલા તેની પરિપૂર્તિ માટે ઉપાસના માટે મહામંદિરોનું નિર્માણ કરાવી તે મંદિરોમાં શ્રી નરનારાયણાદિક પોતાના સ્વરૂપો સ્વહસ્તે પધરાવ્યા. ભક્તિમાર્ગની પુષ્ટિને માટે મંત્રદીક્ષાની અપેક્ષા હોય તે માટે સર્વ પ્રકારે દોષ રહિત પવિત્ર ધર્મવંશમાં ગુરુ (આચાર્ય) પદ સ્થાપન કર્યું. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના બોધ માટે સત્સંગિજીવન આદિક સચ્છશાસ્ત્રોની રચના કરાવી, શિક્ષાપત્રી સ્વહસ્તે લખી. આપણે ભાગ્યશાળી છીએ કે દેવ, આચાર્ય અને શાસ્ત્ર સ્વરૂપે સત્સંગમાં સદાય પ્રગટ રહેલા શ્રીહરિ આપણને મળ્યા છે.

શ્રીહરિના ઉપરોક્ત ત્રણ સ્વરૂપ પૈકી જે આચાર્ય સ્વરૂપ છે તે માત્ર મંત્ર દીક્ષા કે મૂર્તિ પ્રતિષ્ઠા માટે જ નથી. પરંતુ તે સ્વરૂપે થઈને શ્રીહરિ સદાય પોતાના ભક્તજનોની ધર્મની રક્ષા કરે છે, દર્શન, ચરણ સ્પર્શ અને અમૃત વાણીથી દિવ્ય સુખ આપે છે. શુભ સંકલ્પ પરિપૂર્ણ કરે છે અને કલ્યાણ પણ કરે છે. ભગવાનની ગાદી પર ભગવાન જેવા હોય એજ બેસી શકે અથવા તો સ્વયં શ્રીહરિ જ આ પદ ઉપર વિવિધ સ્વરૂપ ધારણ કરીને વિરાજમાન થાય છે. પણ કોઈ માનવ આ પદ પર આવી શકે નહી. પંચરાત્ર આગમનમાં કહ્યું છે કે, ગુરુ સ્થાને બિરાજમાન મનુષ્ય છે કે કોઈ જીવ છે એવી બુદ્ધિ થાય તે પણ અપરાધ છે. સંપ્રદાયના મુખ્ય લગભગ દરેક શાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્યશ્રીને શ્રીહરિનું અપર સ્વરૂપ કહ્યું છે. સ્વામિનારાયણ સંહિતા ચિંતામણિ ૮૧ માં શ્રીહરિ કહે છે, ''આ આચાર્યોની સેવા સંત હરિભક્તો સર્વે કરજો, અને આચાર્યોની સેવા કરશો તેથી અમારી સેવા થાશે. **આજથી અમો બે સ્વરૂપે થયા** (અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી સ્વરૂપે) અને આચાર્યનો જે દ્રોહ કરશે તેણે અમારો દ્રોહ કર્યો. ચિંતામણી : ૮૮ માં કહે છે, જેવી અમારી પૂજા કરો છો તેવી જ રીતે આ બે આચાર્યની પૂજા કરવી. કેમ જે તે બંનેને અમારી ગાદી ઉપર અમે બેસાડ્યા છે અને તેમની આજ્ઞામાં સર્વેને વર્તવું અને તે બે આચાર્યની આજ્ઞા કોઈએ લોપવી નહિ.

શ્રીહરિના આ વચનો બન્ને ગાદી (અમદાવાદ) અને (વડતાલ)ના આદિ આચાર્યશ્રીથી શરૂ કરીને પરંપરાના દરેક આચાર્યશ્રી માટે છે. ધર્મવંશી આચાર્યશ્રી હંમેશા પોતાની સામર્થી છુપાવીને વર્તે છે તેમ છતાં શ્રીહરિએ પધરાવેલા દેવો દ્વારા ક્યારેક ક્યારેક પ્રગટ પરચાની અનુભૂતિ દૈવી જીવોને થતી રહે છે. તેવી રીતે ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા પણ ઘણા દૈવી જીવાત્માને ઘણીવાર પ્રગટ પરચાઓની અનુભૂતિ થતી રહે છે. અમદાવાદ ગાદીના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પરચાનો તો કોઈ પાર નથી પરંતુ તે પૈકી એક પરચો જ્યારથી મેં વાંચ્યો છે ત્યારથી મારા જીવનમાં

અવિસ્મરણીય બની રહ્યો છે જે નીચે મુજબ છે.

ગામ સુસવાવના એક હરિભક્ત ડોસાજી નામે હતા. ડોસાજીને એક બિન સત્સંગી પસાયતો હતો. એક સમયે જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે ડોસાજી તેને મૂળી લઈ ગયા. ડોસાજી તેને જે કામ ચીંધે તે કરે અને સાથે ને સાથે રહે. આ પસાયતો સમૈયામાં હજારો સંત-હરિભક્તોનો મહેરામણ જોઈ દંગ થઈ ગયો. આશ્ચર્ય પામી ગયો. કહે આટલા બધા માણસો તમારા મેળામાં ભેગા થાય છે ! ડોસાજી કહે, આ બધા સત્સંગી અમારા ભગવાનના દર્શન કરવા આવ્યા છે. મોજ મઝા કરવા નથી આવ્યા. **અમારા ભગવાન સ્વામિનારાયણ છે અને તેની જગ્યાએ અત્યારે અમારા ભગવાન અયોધ્યાપ્રસાદજી મહારાજ છે.** હું તને એમના દર્શન કરાવીશ.

જન્માષ્ટમીના બીજા દિવસે ડોસાજી તેને લઈને મહારાજશ્રી પાસે ગયા. ચરણ સ્પર્શ કરી, વંદન કરી પગે લાગ્યા. ફુલહાર પહેરાવ્યો. મેવા મીઠાઈ તથા રૂપિયાની ભેટ મુકી, રાજીપો માગ્યો. પછી કહે, આ મારો પસાયતો છે. સત્સંગી નથી, પણ મારું ચીંધ્યું કામ કરે છે. આપ એના પર અમી દ્રષ્ટિ કરો. પસાયતાએ પણ પૂ. મહારાજશ્રીને બે હાથ જોડ્યા. ત્યારે મહારાજશ્રી ડોસાજીને કહે, તમારું કામ કરે છે એ એની સેવા છે. **જાણે અજાણ્યે ભગવાનના ભક્તની કરેલી સેવા નિષ્ફળ જતી નથી.** પસાયતાના મનમાં મહારાજશ્રીનું વ્યક્તિત્વ અને અમીદ્રષ્ટિ વસી ગયું. ઘેર આવ્યા પછી ડોસાજીએ પૂછ્યું. તને અમારા મહારાજશ્રી કેવા લાગ્યા ? પસાયતો કહે, બાપુ ! મને સારું સારું બોલતા નથી આવડતું પણ મહારાજ તો સાચુંકલા મોટા ચકરવતી રાજા જેવા શોભતા હતા.

એ પસાયતાનું આયુષ્ય પુરુ થવા આવ્યું ત્યારે માંદો પડ્યો. અંતકાળે મરણ પથારીએથી તેણે સગા વહાલાને કહ્યું કે, મેં મૂળીમાં દર્શન કર્યા હતા એ અયોધ્યાપ્રસાદજી મહારાજ મોટો રાજા શાહી રથ લઈ મને તેડવા આવ્યા છે. **હું એમની સાથે ભગવાનના ઘેર જાઉં છું.** એમ કહી દેહ છોડી દીધો.

**જે જે એને કોઈ આસરશે રે,**
**તે તો જરૂર ભવજળ તરશે રે ॥**
**કરશે દર્શન ને ગુણ લેશે રે,**
**વળી પોચ્ય પ્રમાણે કાંઈ દેશે રે ॥૧૭॥**
**શ્રધ્ધા સહિત સેવા કરે સોઈ રે,**
**વળી રાજી થાશે એને જોઈરે ॥**
**એવા જન જે જે જગમાંય રે,**
**તેની કરવી મારે સહાય રે ॥૧૮॥**
**મારી ઈચ્છા છે હમણાં એવી રે,**
**પરમ પ્રાપ્તિ સહુને દેવી રે ॥**
**માટે મોક્ષનું મોટું દ્વાર રે,**
**અમે ઉઘાડિયું છે આ વાર રે ॥૧૯॥**
**આચારજથી બહુ ઉદ્ધારશે રે,**
**જાણો બ્રહ્મનગર વાસ કરશે રે ॥**
**એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે,**
**જન સૌ સત્ય માની લિજીયે રે ॥૨૦॥**

(પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર-૩૭)

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના કલમે લખાયેલા આ વચનો સ્વયં શ્રીહરિના છે. આચાર્યશ્રીનો મહિમા સમજવા માટેની માત્ર આ પંક્તિઓ નથી પરંતુ શ્રીહરિના ખાતરી પૂર્વકના આ સત્ય વચનો છે. પસાયતાએ માત્ર આદિ આચાર્યશ્રીનું દર્શન કર્યું અને ગુણ લીધો. મહારાજશ્રીની અમી દ્રષ્ટિ તેના મનમાં વસી ગઈ. વળી ચક્રવર્તી રાજા જેવા જણાયા તો મહારાજશ્રી તેને અંતકાળે તેડવા તો આવ્યા પરંતુ મોટો રાજાશાહી રથ લઈ ને તેડવા આવ્યા. તેના અંતકાળે શ્રીહરિએ આચાર્ય સ્વરૂપે આવીને સહાય કરી. પસાયતાએ કહ્યું કે હું ભગવાનના ઘેર જાઉં છું. તો ભગવાનનું ઘર તો બ્રહ્મનગર અર્થાત્ અક્ષરધામ કહેવાય !

આ પૃથ્વી પર અત્યાર સુધીમાં ભગવાનના કેટલાય અવતારો થયા અને કેટલાય ધર્માચાર્યો થયા પરંતુ ક્યાંય કોઈએ એવું કહ્યું નથી કે મને આ ભગવાન કે આ ધર્માચાર્ય તેડવા આવ્યા છે. એક ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમની જગ્યાએ ગાદી પરના ધર્મવંશી આચાર્યશ્રી એવા છે કે જેઓ અનંત જીવાત્માઓને અંતકાળે દર્શન આપીને ધામમાં તેડી જાય છે. ને એ પણ આ ઘોર કળિકાલમાં !!! સ્વામિનારાયણ ભગવાન તો પોતાના ભક્તજનોને અંતકાળે તેડવા આવ્યા હોય તેનું સંકલન કરીએ તો એક અલગ શાસ્ત્ર બને. પરંતુ આચાર્યશ્રી તેડવા આવે એ તો અતિ આશ્ચર્યકારી ઘટના ગણાય ! વળી એ પણ આપણી દ્રષ્ટિમાં જે બિન સત્સંગી છે તેને તેડવા આવે ત્યારે તો મોટા મોટા વિદ્વાનોની બુદ્ધિ પણ કદાચ ભ્રમિત થઈ જાય ! પરંતુ

આ બધો હમણાનો જ ઈતિહાસ છે. અને સત્ય છે. આ પ્રસંગ પરથી ધર્મવંશી આચાર્યશ્રીની સામર્થી અને ઉદારતાનું કોઈપણ વ્યક્તિ માપ કાઢી શકે નહી.

મૂળીના રાજા રામાભાઈના પુત્ર વખતસિંહજીને અંતકાળે પૂ. મહારાજશ્રી તથા શ્રીજી મહારાજ સુંદર શણગારેલું વિમાન લઈને અનંતમુક્તો સાથે તેડવા આવ્યા હતા. તે સમયે ગામમાં સત્સંગીઓ તથા બિનસત્સંગીઓ એમ ઘણાને દર્શન થયા હતા.

એક મારવાડી ગાડીવાને પૂ. મહારાજશ્રીની ૨૫ વર્ષ સુધી ગાડી હાંકીને તેઓશ્રીની પ્રસન્નતા મેળવી હતી. તેનો અંતકાળ નજીક આવ્યો ત્યારે શ્રીજી મહારાજે અગાઉ તેને દર્શન આપી કહ્યું હતું કે, તેં અમારી બહુ સેવા કરી છે. હવે તને અમારા ધામનું સુખ આપવું છે. ચાર દિવસ પછી તે માંદો પડ્યો અને દેહના અંતકાળ સમયે શ્રીજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ બંને તેડવા પધાર્યા છે એવા દર્શન થયા અને તુરત તેણે દેહ છોડી દીધો.

અમદાવાદના એક નાગર ભૂદેવ બાપુજી જન્માષ્ટમીના સમૈયે મૂળી આવ્યા હતા ત્યારે દેવયોગે માંદા પડ્યા. પૂ. મહારાજશ્રી ભૂદેવને જોવા આવ્યા અને પૂછ્યું કે, અહી જ ધામમાં જશો ? કે અમદાવાદ જવું છે ? ભૂદેવે પગે લાગી કહ્યું, હે મહારાજ ! જ્યાં આપ મારી સમીપે છો ત્યાં અમદાવાદ કે મૂળી બધું મારે સરખું છે. પછી સભામાં બિરાજમાન મહારાજશ્રીને શ્રીજી મહારાજે દર્શન આપીને કહ્યું કે બાપુજીને તેડવા આવ્યા છીએ. તમે પણ ચાલો અમારી સાથે. પિતા પુત્ર બંને બાપુજી પાસે આવ્યા અને શ્રીજી મહારાજ તેને પોતાના ધામમાં તેડી ગયા.

હળવદના રાણા રણમલસિંહજીનો પૂ. મહારાજશ્રીએ સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, તૈયાર થઈ રહેજો. બે દિવસ બાદ તમને તેડી જઈશું. પછી દરબારને શરીરે કસર વધી અને ત્રીજો દિવસ થયો ત્યારે પૂ. મહારાજશ્રી પોતાના પિતા શ્રીજી મહારાજની સાથે સુંદર શ્વેત શણગારેલું વિમાન લઈ પધાર્યા અને રણમલસિંહને વિમાનમાં બેસાડી ધામમાં તેડી ગયા.

ઉપરોક્ત ચાર પ્રસંગો ટૂંકમાં લખ્યા છે જે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ નામના ગ્રંથમાં વિસ્તારથી આપવામાં આવ્યા છે. શ્રીહરિ કહે છે. અમે અમારું દૈવત આચાર્યોમાં મૂક્યું છે. આદિ આચાર્યશ્રીમાં આ ગુણ આપણે જોયા. તેઓ અતિ દાતાર દિલના હતા. તેઓમાં ઉદારતાની ઉદાત્ત ભાવના અને કરૂણાનો સમન્વય હતો. પાત્રની પાત્રતા જોતા નહિ. જાત કજાત જોતા નહિ. કોઈ જીવ પ્રાણી ઉપર તેમની દ્રષ્ટિ પડી એટલે બસ ! મહાપુરુષોની કૃપા સ્વાર્થથી પ્રેરિત નથી હોતી.

પૂ. મહારાજશ્રી અગાઉ સૌને જાણ કરી સ્વતંત્રપણે ધામમાં પધાર્યા હતા. તેનો પ્રસંગ જોઈએ તો એક સમયે સ.ગુ. મોટા ભૂમાનંદ સ્વામી પૂ. મહારાજશ્રીના દર્શન કરવા ગયા અને તેઓશ્રીને કહ્યું કે, હવે તો મને શ્રીજી મહારાજ તેડી જાય તો ઘણું સારું. ત્યારે મહારાજશ્રી કહે, ‘‘એમ થાય ! જ્યારે જઈશું ત્યારે સંગાતે જઈશું. પછી ભૂમાનંદ સ્વામી ગામ માણસા ગયા. ત્યાં શ્રીજી મહારાજે દર્શન દઈ કહ્યું કે, આજથી ત્રીજે દિવસે તમને તેડવા આવીશું. પછી ત્રીજે દિવસે બે વાગતા શ્રીજી મહારાજ મુક્તોના મંડળ સહિત વિમાનમાં બેસીને તેડવા પધાર્યા અને દર્શન દીધાં. ત્યારે સ્વામી બોલ્યા કે મને મહારાજશ્રીએ કહ્યું છે કે જઈશું ત્યારે સંગાથે જઈશું. શ્રીજી મહારાજે કહ્યું કે એમને તો પંદર દિવસની વાર છે. માટે તમે ચાલો. આ વિમાન લાવ્યા છીએ તેમાં બેસો. એમ કહીને તેડી ગયા તે ગામના ઘણા હરિભક્તોને શ્રીજી મહારાજના દર્શન થયા.

ત્યાર પછી સાત દિવસ વિત્યા બાદ શ્રીજી મહારાજે આચાર્ય મહારાજશ્રીને દર્શન દઈને કહ્યું કે આજથી સાતમાં દિવસે તમને તેડવા આવીશું. એમ કહીને ગયા. સાતમો દિવસ થયો ત્યારે મહારાજશ્રીએ પોતાના પુત્ર શ્રી કેશવપ્રસાદજી મહારાજ આદિ પોતાના સંબંધીને બોલાવીને કહ્યું કે, તમે અમારા દર્શન કરી લો. ગવૈયાને કહ્યું કે, તમે કીર્તન ગાઓ. આજ રાતના અગિયાર વાગે અમારે દેહ મૂકવો છે. દસ વાગ્યા એટલે કહ્યું કે, આ શ્રીજી મહારાજ અનંત મુક્ત સાથે રથ તથા શ્વેત હાથી લઈને તેડવા પધાર્યા છે. તેમના તમે દર્શન કરો અને ચોકો દો. હું મહારાજ સાથે અક્ષરધામમાં જાઉં છું. એમ કહીને પોતે સંવત ૧૯૨૭ ના ફાગણ સુદી સાતમના દિવસે પંચ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. તે વખતે સંતો સહિત ઘણા હરિભક્તોને શ્રીજી મહારાજના દર્શન થયા.

# જન્મયા ત્યાંથી જરૂર જાણો.......

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,**
**પરદુઃખહારી રે, વારી બહુ નામીનો,**
**કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય,**
**દયા આણી રે, અતિ આકળા થાય...''**

આ સૃષ્ટિનું સર્જન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે. તેમાં બ્રહ્માજી ઉત્પત્તિ કરે, વિષ્ણુ પાલન કરે અને શિવજી વિસર્જન કરે છે. નવસર્જન કરવા માટે વિસર્જન કરવું જ પડે.

કાળ તો શ્રીહરિની શક્તિ છે. ભગવાન પોતે ક્યારેય કોઈને મારતા નથી. તેઓ જીવને તેના કર્મો પ્રમાણે ફળ દેવા બેઠા છે, તેથી જ તેઓને કર્મફળ પ્રદાતા કહેવાય છે.

''..... ક્યારેક તો કોઈ પ્રાણીને દુઃખીયો દેખીને અથવા સાંભળીને તત્કાળ દયાએ યુક્ત થકા 'રામ રામ રામ' એવી રીત્યે બોલવાનો સ્વભાવ છે....'' (વચનામૃત પરથારો)

આવા દયાળુ તો એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન છે અને આટલું જ નહિ પોતાના સત્સંગી માત્ર માટે શ્રી રામાનંદ સ્વામી પાસે વરદાન માંગી લીધા છે.

**''વળી હરિજનને હોય દુઃખ રે,**
**થાય મને એ ભોગવે સુખ રે,**
**કૃષ્ણ ભક્ત જો પૂર્વને કર્મે રે,**
**અન્ન વસ્ત્ર પામે પરિશ્રમે રે,**
**એનું કષ્ટ આવે મુજમાંય રે,**
**એહ સુખમાં રહે સદાય રે,''**

(ભ.ચિ. પ્ર.-૪૭)

**''ફર્યા ઉતારે ઉતારે નાથ,**
**કહે સુખિયા છો સહુ સાથ,**
**કંઈ જોઈએ તો મંગાવી લેજ્યો,**
**ખરચિ નોય તો અમને કહજો રે.''**

(ભ.ચિ. પ્ર.-૮૧)

આમ, શ્રીજી મહારાજ તો દયાળુ છે પણ તેમની શક્તિરૂપે કળિએ અત્યારે વિનાશ વેર્યો છે અને અનેક જીવ મૃત્યુને શરણે થયા છે ત્યારે શ્રીજી મહારાજના આઠમાં વંશજ એવા શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના લાલજી મહારાજશ્રી અને ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે, આ બધાં સમાચારો જોઈ વાંચી સાંભળીને અતિશય કરૂણા સભર ભાવે શ્રી નરનારાયણદેવના શ્રીચરણ કમળોમાં શિશ નમાવીને પ્રાર્થના કરી કે, હે મહારાજ ! આ સર્વે જીવોનું તમે કલ્યાણ કરજો. સાથે સાથે હરિભક્તોને સાંત્વના આપતા જણાવ્યું કે જો કોઈ હરિભક્ત આ વિષમકાળમાં ધામમાં ગયા હોય તો તેમના સર્વે સંબંધીઓએ અને સમસ્ત સત્સંગીઓએ સમજવું ઘટે કે જે હરિભક્ત હોય, તેનું અકલ્યાણ થાય જ નહિ. દેહ તો ગમે તે રીતે પડે પણ અંતકાળે શ્રીજી મહારાજે જરૂર તેડવા આવે જ.

**''અંતકાળે તો અવશ્ય આવે,**
**એ બિરૂદ કેદી ન બદલાવે,**
**જે કોય સ્વામિનારાયણ હોય,**
**તેને માથે નથી કેનો ભેય.''**

(ભ.ચિ.-૧૫૫)

**''એવો સત્સંગી કોઈ ન કાવે,**
**જેને તેડવા નાથ ન આવે.''**

(ભ.ચિ. ૧૫૭)

વચનામૃતમાં શ્રીજી મહારાજના વચન છે કે ભગવાનનો ભક્ત, ગમે તે રીતે દેહ મુકે, બળી જાઈ કે વાઘ ખાઈ જાય, પણ તે ધામમાં જ જાય અને વિમુખ ચંદનના લાકડામાં બળે તોય તેનું કલ્યાણ ન જ થાય. ભક્તને ભગવાનનું અખંડ સ્મરણ અને અનુસંધાન રહે તે માટે ભગવાન ક્યારેક કાળને આવી આજ્ઞા કરે છે.

આપણે શ્રીજી મહારાજનું સ્મરણ રાખવું કે આપણને મહારાજે સાચવીને કુશળ રાખ્યા છે.

એવું જરૂરી નથી કે બધા પાપી મરી ગયા અને એકલા પુણ્યશાળી બચી ગયા ! આ તો મૂર્ખની સમજણ છે. જીવનમાં અકાળ મૃત્યુ જેવું કશું છે જ નહિ, બધું જે નિશ્ચિત સમયે જ થાય છે. માત્ર આપણી સમજણ ખોટી છે. આપણે ભ્રમમાં રહીને એવું માનીએ છીએ કે બહુ દવાઓ ખાવાથી, વિટામીનો ખાવાથી, ધન સંપત્તિ હોવાથી, ભૌતિક સુખ સગવડ હોવાથી, આપણે ૮૫-૯૦ વર્ષ તો જીવીશું જ !! પણ આપણા હાથમાં આપણો જન્મ અને મરણનો સ્થળ સમય નક્કી કરવાની તાકાત નથી. તે કામ ફક્ત પરમાત્માનું જ છે એ જરૂરથી સમજવું.

**જન્મયા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી,**
**આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જવું સાથેજી."**

જે દિવસે આપણે જન્મયા ત્યારે જ આપણા અંત સમય, સ્થળ કારણ વગેરે નિશ્ચિત થઈ જ જાય છે. તેમાં ભગવાન અને તેમના સાનિધ્યવાળા મોટા પુરૂષ સિવાય, કોઈ કંઈ પણ ફેરફાર નથી કરી શકતું. ડોકટરોને લાખો રૂપિયા આપીએ તો પણ તેઓ આપણને વધારાનો એક શ્વાસ પણ ઉછીનો કે વેચાતો આપી શકે તેમ નથી. અમુક હદ પછી દવા પણ કામ નથી કરતી પણ આર્તનાદ પૂર્વક કરેલી પ્રાર્થના જરૂર કામ કરે છે.

સત્સંગના ઈતિહાસમાં શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી આદિક ઘણા સંત હરિભક્તોને આયુષ્યરેખા લંબાવી આપવાના દાખલા મોજૂદ છે. જ્યારે કાળનું પ્રાધાન્યપણું હોય ત્યારે શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે પોતાની ને બીજાની રક્ષા થાય તેમ કરવું પણ એ સંજોગોમાં નાસીપાસ થવું નહિ. માનસિક તણાવ તથા હતાશાના શિકાર ન બનાય તે સારું, શ્રીહરિના વચનો સંભારવા અને દઢપણે વિશ્વાસ રાખવો કે શ્રીહરિની મરજી વિના સુકુ પાંદડું પણ હાલવાને સમર્થ નથી. તેથી આપણે શ્રીજીની મરજીમાં રાજી રહેવું. જેઓ ધામમાં ગયા છે તેમને માટે શોકમાં ડુબી ન જવું પણ તેમના શ્રેયને અર્થે પ્રભુ ભજન વધુ કરવું. અને યથાશક્તિ પ્રભુ સેવા કરવી. જેઓ મૃત્યુના પંજામાંથી બચીને પરત ફર્યા છે તેમણે હવે પછીનું જીવન પ્રભુને અર્થે અર્પણ કરી વધુ દઢતાથી ધર્મ નિયમ પાળવા અને એ કટોકટીની પળો ભૂલ્યા વગર શ્રીહરિનું વધુને વધુ સ્મરણ કરવું. જેઓને કંઈ મુશ્કેલી નથી આવી, તેઓએ શ્રીજી કૃપા સમજીને પ્રભુ ભજન વધારવું. મહારાજની મહેરને યાદ રાખી, કૃતઘ્ની ન થવું. હવે ધર્મ નિયમની બહાર પગ ન મુકવો. મનુષ્ય દેહની નાશવંતતા સમજવી અને આ દેહનો કોઈ નિરધાર નથી તે દઢ કરીને, વ્યવહાર ઘટાડીને પ્રભુ ભજન વધારવું.

આ જીવને ભગવાન તેના ઘરે બોલાવે, તે ગમતું નથી પણ આપણે ભગવાનને આપણા ઘેર બોલાવવા છે. આટ આટલાં ઉપદેશ પણ જીવને તેની ટાંકી પણ લાગતી નથી, તેથી જે કોય ન પ્રીછે પરચો એવું મહારાજે કહ્યું છે અને આ પરચારૂપી કપરો કાળ જે માનવીને સુધારે છે અને ભગવાન સન્મુખ રહેવા, મદદ કરે છે. આવા કાળ નાસ્તિકને આસ્તિક બનાવે છે. ગમે એવો બળિયો હોય, કોઈ અમર નથી. રામ, રાવણ, દુર્યોધન, કર્ણ, ભીમ, હિરણ્યકશ્યપુ, ગમે તેવા શક્તિશાળી હતા તો પણ આ દેહને છોડ્યો અને છોડવો પડ્યો. પૈસાવાળો, પૈસા વગરનો, બાળક યુવાન કે વૃધ્ધ, દવા સાથે કે વગરનો, બધાને સમાનતા છે. કાળને ત્યાં કોઈ નાનો, મોટા બળિયો નથી. કાળ કશું જોતો નથી. માટે આ જીવને કશાનું અભિમાન ન રાખવું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તેઓશ્રીની આ વાત લખવા મને ખાસ આજ્ઞા કરી અને તે મેં માથે ચડાવીને, તેઓશ્રીની દુઃખ, લાગણી, ભાવનાઓને, શબ્દોમાં રૂપાંતરિત કરી અક્ષરદેહ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તેઓશ્રીના સાંત્વનાં ભરેલા આ વચનોથી, અનેક મુમુક્ષુ જીવોના હૃદયમાં શાંતિ મળશે અને પ્રભુ ભજનમાં મન પોરવાશે, એ નિશ્ચિત છે.

**"જે જે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર,**
**સુખ દુઃખ આવે સર્વે ભેળુ, તેમાં રાખજ્યો સ્થિર મતિ,**
**જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ,**
**એમ કરતાં જો પંડ પડશે, તો આગળ્ય સુખ છે અતિ ઘણું.**

(ભ.ચિ. પ્રકરણ-૭૬)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ




# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

કોરોના ના કાળમાં ન જોવાના કે હ્યદયને હચમચાવી મૂકે તેવા બધા દ્રશ્યો આપણે જોઈ ચૂક્યા છીએ. પોતાના સ્વજન માટે હોસ્પિટલમાં એડમિશન માટે ધક્કા ખાતા, ઓક્સિજન માટે ઠેર ઠેર વલખા મારતા અને દવા તથા ઈંજેકશન માટે પણ લાચારી અનુભવતા લોકો જોવા મળ્યા છે. લોકો ઘરની બહાર નીકળતા ગભરાઈ ઉઠતા. અરે ! મંદિરમાં પણ ઘંટનાદની જગ્યાએ એકાંત સંભળાતું હતું.

સમાજમાં પ્રવર્તતી આવી દારૂણ પરિસ્થિતિથી વાકેફ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપણા મ્યુઝિયમમાં કોવિડ કેર સેન્ટર ઉભું કરવાનો સંકલ્પ કર્યો અને તેને પરિપૂર્ણ કર્યો. નવ ડૉક્ટરોની ટીમ, સવાસો ઓક્સિજન કોન્સન્ટ્રેટર તથા પાંચ વેન્ટીલેટરની તથા ભોજનની સુંદર વ્યવસ્થા વાળા વીસ બેડથી આ સેન્ટર ચાલુ કરાયું છે. જેમાં પચાસ બેડ સુધીનું પ્રોવીઝન રખાયું છે. મ્યુઝિયમના પોઝેટીવ વાયબ્રેશનમાં બનેલા આ સેન્ટરથી દર્દીને જલ્દી સાજા થવામાં મદદ રૂપ થાય છે.

આપણા મ્યુઝિયમ નિર્માણમાં નાનકડું નિમિત્ત બનવાનો મોટો અવસર જેમને પ્રાપ્ત થયેલો અને શ્રી સ્વામિનારાયણ માસિકમાં નિયમિત લેખ લખનાર શ્રી હિતેન્દ્રભાઈ પટેલ પણ આ અંકનો છેલ્લો લેખ લખી કોરોનાનો ભોગ બની અક્ષરધામ નિવાસી થયા છે. આપણા મંદિર દ્વારા પ્રકાશિત ‘‘ધર્મવંશી આચાર્યપદ’’ અને ‘‘અમદાવાદમાં શ્રીહરિ’’ નામના બે પુસ્તકો પણ લખ્યા હતાં. તેવાજ એક પ.પૂ. આચાર્ય મહારાજ સાથે સહ્યદયતા ધરાવતા અને હાલમાં જ જેમણે પ.પૂ. મહારાજશ્રી સાથે રહી ‘‘પર્વ’’નો લોગો ડિઝાઈન કરેલ તે ગુજરાતના ખ્યાતનામ કલાકાર અને કેલિગ્રાફર શ્રી અમિતભાઈ ખરસાણી પણ કોરોના નો ભોગ બની અક્ષરધામવાસી થયા છે જેનાંથી સત્સંગને ભારે ખોટ પડી છે. પરંતુ ઈશ્વરની ઈચ્છાને કોણ પામી શક્યું છે ? ઈશ્વર સ્વતંત્ર છે માટે કોઈ પણ જીવને બચાવવાનું કે વધુ જીવન આપવાની પ્રાર્થના કરવી તે પણ ઈશ્વરને વિવશ કરવા જેવી બાબત બની જાય છે.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''પોતાની જાતને ઓળખી ''આત્મકલ્યાણ'' માટે પ્રયાસ ચાલુ રાખો''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આટલી સભાઓમાં આવ્યા પછી કેવું લાગે છે ? **ભગવાનને પ્રાપ્ત કરવા સરળ છે કે મુશ્કેલ છે ? તો સંપૂર્ણ ભાવ, શક્ય તેટલી આજ્ઞા પાળવાનો પ્રયત્ન અને સતત 'આત્મમંથન' જો ચાલું રાખીએ તો ભગવાનને પ્રાપ્ત કરવા સરળ છે.**

એક રાજાના રાજ્યમાં પ્રધાન હતા, તે મૃત્યુ પામ્યા પછી રાજાને એવું થયું કે તેમની જગ્યાએ નવા એવા પ્રધાનની નિયુક્તિ કરું જે ખૂબ બુદ્ધિશાળી હોય તો મારી સારી મદદ કરી શકે. તો જાહેરાત કરી કે સૌથી વધારે બુદ્ધિશાળી હોય તેની નિયુક્તિ કરવામાં આવશે. તો તેની પરીક્ષા આપવા માટે ત્રણ વ્યક્તિ આવ્યા. તો તેના માટે એક કોયડો બનાવવામાં આવ્યો. અને એક રૂમમાં તાળુ મારીને ત્રણેયને અંદર રાખ્યા અને કીધું કે કોયડાનો ઉકેલ લાવશો ત્યારે જ તાળું ખુલશે. અને જે વ્યક્તિ તાળું ખોલીને સવારે પહેલા બહાર આવશે તેની નિયુક્તિ કરવામાં આવશે. સવાર સુધીનો સમય હતો. તો તેમાંથી એક વ્યક્તિ હતી તે શાંતિથી ઓઢીને સૂઈ ગઈ. બાકીના બે વ્યક્તિ હતા તેમણે આખી રાત મગજ ચલાવ્યું. જેટલું જીવનમાં ભણ્યા હતા, જે કાંઈ જ્ઞાન હતું તે બધુ અજમાવ્યું પણ થાકી ગયા પછી તેમણે પેલી વ્યક્તિને કીધું કે **આપ કેમ સૂઈ રહ્યા છો ? તો તે વ્યક્તિએ ક્યું કે તમે તમારું કામ કરો, મને મારું કામ કરવા દો એમ કહીને સૂઈ ગયા.** અને સવાર થઈ એટલે સૂઈ રહ્યા હતા તે ક્યારે તાળું ખોલીને બહાર નીકળી ગયા તે ખ્યાલ જ ના આવ્યો. **તો હકીકત શું હતી ? કે તાળું વાસેલું જ ન હતું. ખુલ્લું જ હતું. અડ્યા કે તરત ખુલી ગયું. ધક્કો દઈને દરવાજો ખોલીને બહાર આવી ગયા.** તો આપણા જીવનમાં પણ એવું જ થાય છે. ઘણી વખત પરીક્ષા હોય પછી આખી રાત વાંચીએ પછી મગજ એટલું થાકી જાય કે સવારે પરીક્ષા આપવા બેસીએ તો કશું યાદ જ ના આવે. એના કરતા સારું કે સૂઈ જવાનું, તો મગજ શાંત હોય તો બધું યાદ આવે. કહેવાનો અર્થ છે કે કોઈ પણ સવાલ હોય તો પહેલા સવાલને સમજવો પડે. પ્રશ્ન પોતે જ ઉત્તર હોય છે. સવાલની અંદર જ જવાબ છુપાયેલો હોય છે. આપણે શું કરીએ છીએ. હું આ કરું, હું આ કરું એમ કરીને પેલા બે માણસની જેમ આપણે રહી જઈએ છીએ. ૮૦% આપણે ભ્રમમાં જ જીવીએ છીએ. **હું એટલે શું એ પણ ભ્રમ છે. અને મારા થકી થયું એ સૌથી મોટો ભ્રમ છે. હું કોણ છું એમ આપણે આપણને ઓળખ્યા વગર જ બીજાની નકલ કરીએ છીએ.** નાના છોકરાને પણ આપણે શીખવાડીએ છીએ કે જુઓ આમના જેવા બનો પણ **બાળક જ્યારે જન્મ લે છે ત્યારે બીજા જેવું બનવા માટે જન્મ નથી લેતું માત્ર એના અંદરની જે શક્તિ છે તેને ખીલવવાની છે.** આપણે કહીએ છીએ કે 'રામ' જેવા બનો 'બુધ્ધ' જેવા બનો 'ગાંધી' જેવા બનો પણ એવું શક્ય જ નથી. **'રામ' બનાય પણ ક્યાં ? તો નાટકના પાત્રમાં ભાગ ભજવવાનું ચાલતું હોય ત્યાં પાત્ર ભજવી શકાય. વાસ્તવિકતામાં નથી બનાતું.** અને જો આપણે બનવા જઈએ તો પોતાની જે આવડત હોય તે પણ જતી કરવી પડે છે. ગુલાબ છે તે 'જૂઈ', 'ચંપો' કે 'ચમેલી' જેવું ના બને. કેમ કે ? એની અંદર બિયારણ ગુલાબનું છે. અને એનું બીજ ગુલાબ બનવા માટે જ છે. જો તે પ્રયત્ન કરશે તો તેની બધી આવડત વપરાઈ જશે. અને ચંપો પણ નહિ બની શકે. અને ગુલાબ પણ નહિ બની શકે. તો જે વસ્તુનું બીજ આપણી અંદર છે તેને પોષણ આપવાનું છે. આપણે પોષણ નથી

આપતા અને બીજાનુ અનુકરણ કરવામાં જ રહી જઈએ છીએ. **હા બીજાના સારા ગુણો જે અપનાવવા જેવા છે તે અપનાવો, જેના પાસેથી શીખવા મળે તેના પાસેથી શીખી લેવાનું પણ તેના જેવા જ બનવું તે તો શક્ય જ નથી. તેના જેવા તો તે એક જ હોય છે.** માણસ ઘણીવાર કંટાળી જઈ ને તો વિચારે છે કે આપઘાત કરી લઉં. મેં સાંભળ્યું છે ત્યાં સુધી એવું છે કે જે વ્યક્તિ 'આત્મઘાતી' હોય છે તેને બીજા સાત વખત જન્મ લેવો પડે છે. તો **સાત જન્મ સુધી દુઃખ ભોગવવું એના કરતા અત્યારે થોડું દુઃખ બાકી છે એ ભોગવીને છૂટા થાવ ને. આપઘાત કરો તો પણ એના પછી કેટલું ભોગવવાનું ! એમાં આપણને જ વધારે નુકશાન છે. અને આપણે તો એવા કોઈ દુઃખ છે જ નહિ. દુઃખ તો ભગવાનને પણ આવ્યું છે. નંદ સંતોએ પણ કેટલું સહન કર્યું છે.** લોકોના બોલવા સામુ નહિ જોવાનું આપણને તરત ખોટું લાગી જાય છે. બરાબર છે કે આપણે માણસ છીએ પથ્થર નથી. પથ્થરને પણ અસર થાય છે. પથ્થર પર પણ એક ને એક જગ્યાએ સતત પાણીની ધાર ઘણા સમય સુધી કરવામાં આવે તો ખાડો પડી જાય છે. પથ્થર પર પણ રોજ હથોડો મારો તો ધીમે ધીમે તૂટી જાય છે. તો શું કરવાનું ? **માયારૂપી જગત છે તો તકલીફ તો પડવાની જ છે. તો એવું સમજી લેવાનું કે દરેક વ્યક્તિ એની સમજ પ્રમાણે અને બુદ્ધિ પ્રમાણે બોલે છે. એવું વિચારી મન પર નહિ લેવાનું. પ્રોબ્લેમ આવે ત્યારે ખોટા ભ્રમમાં નહિ રહેવાનું. સૌથી મોટો ભ્રમ 'હું કોણ છું.' એ છે તો આપણે આપણને નથી ઓળખી શકતા. પોતાની જાતનું 'આત્મમંથન' કરવાનું. અંતર્દષ્ટિ કરવાની. શું નથી જોઈતું એ પહેલું શીખવાનું છે. નહિ તો ભરભર કરશું તો જોઈએ છે એના માટે જગ્યા જ નહિ રહે.** આપણા અંતઃકરણમાં માંદગી હશે તો પચાવી નહિ શકીએ. તો એ અંદરની બિમારી પહેલા દૂર કરવી પડે. **શિક્ષાપત્રી એટલું સુગમ શાસ્ત્ર છે કે એને સમજી લઈએ તો બીજા શાસ્ત્રો જોવાની જરૂર જ નહિ પડે.** આપણે મહારાજની આજ્ઞામાં રહીશું તો જીવનમાં દુઃખ આવશે તો બહાર નીકળવાનો રસ્તો પણ મળશે. ભગવાન સિવાય ૧૦૦% સંપૂર્ણ કોઈ છે જ નહિ. દરેકમાં કોઈને કોઈ ખામી હોય જ છે. ભગવાનને પ્રાર્થના કરવાની. ભગવાન એટલા દયાળુ છે કે અતિશય કૃપા કરી દેશે. પ્રારબ્ધ પણ બદલી દેશે. પણ તેના માટે **'આપણું અંતઃકરણ શુધ્ધ જોઈએ'** જો આપણે ૧૦૦% આનંદ જોઈએ. બિલકુલ દુઃખ જોઈએ જ નહીં. સંપૂર્ણપણે દુઃખથી મુક્તિ અને કાયમનું સુખ જોઈએ તો તમારૂ પણ ૧૦૦% આપવું પડે. આપણે ૧૦% નથી આપી શકતા અને ભગવાન આપણને ૯૦% આપી દે છે. આપણી શું ભૂલ થઈ છે તે જોઈ લેવાનું. દુઃખથી ગભરાવવાનું નહિ બધાએ પ્રારબ્ધનુંસાર દુઃખ ભોગવવું જ પડે છે. ભગવાન એટલા દયાળુ છે કે અંતઃકરણ શુધ્ધ રાખીને યાદ કરીએ તો એક સેંકડમાં દુઃખ દૂર કરી દે છે. હાથ પકડીને રસ્તો બતાવી દે છે. એટલે ૧૦૦% શરણાગતિ રાખજો.

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

### BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**

NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**

G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**

RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સે.-ર ગાંધીનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તેમજ ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વમાં ૨૦૦ વર્ષનો પર્વ (શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ) મહોત્સવના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર સે.-ર ગાંધીનગર દ્વારા વર્ષ દરમ્યાન નીચે મુજબ ઉજવવામાં આવશે.

**શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન :** દર રવિવારે સાંજે ૫-૦૦ થી ૬-૦૦ અને કથા ૬-૦૦ થી ૬-૪૫. દરરોજ બહેનોના મંદિરમાં મહિલા મંડળ દ્વારા ધૂન સાંજે ૪-૩૦ થી ૫-૩૦. દર એકાદશીએ હરિભક્તોની ધૂન સવારે ૮-૩૦ થી ૯-૩૦, કીર્તન ૯-૩૦ થી ૧૦-૦૦. દર એકાદશીએ મહિલા મંડળ દ્વારા ધૂન બપોરે ૩-૩૦

**કથા-વાર્તા-સભાઓ :** ગાંધીગરની આસપાસના વિસ્તારો અને ગામડાઓમાં કથા-વાર્તા-સભાઓ.

**પદયાત્રા :** શ્રી સ્વામિનારાયણ મંદિર સે.-ર ગાંધીનગરથી કાલુપુર મંદિર.

**શ્રી નરનારાયણદેવ અષ્ટક :** દરરોજ મંગળા આરતી પછી શ્રી નરનારાયણદેવ અષ્ટકનું પઠન.

**મંત્રલેખન :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પ્રકાશિત મહામંત્ર લેખન માટેની બુક હરિભક્તોને વિતરણ કરવી અને લેખન બાદ બુક પરત મેળવવી અને કાલુપુર મંદિરે જમા કરાવવી.

**જરૂરીયાત મંદોને મદદ :** ગાંધીનગરના વિસ્તારોમાં ગામડાઓમાં જરૂરીયાતમંદોને મદદ.

**વૃક્ષારોપણ :** ગાંધીગરની આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણના કાર્યક્રમો.

**સ્વચ્છતા અભિયાન :** ગાંધીગરની આસપાસના વિસ્તારોમાં સફાઈ અભિયાનના કાર્યક્રમો.

**રમત-ગમતો :** સત્સંગ પરિવાર દ્વારા રમત-ગમતોનું આયોજન.

**પ્રભાતફેરી :** ગાંધીગરની આસપાસના વિસ્તારોમાં પ્રભાત ફેરીનું આયોજન.

**શ્રી સ્વા. મંદિર સે.-ર ગાંધીનગર સંચાલિત**

શ્રી સ્વામિનારાયણ કોવિડ કેર સેન્ટર (નિઃશુલ્ક)

સાંપ્રત સમયમાં ધર્મ અને સંપ્રદાયો માત્ર આધ્યાત્મિકતા અને ધાર્મિક જ્ઞાનના પ્રચાર પ્રસાર પુરતા સિમિત નથી રહ્યા. જરૂર પડ્યે કુદરતી આપત્તિઓમાં સરકાર અને લોકોના ખંભેખંભા મિલાવી અને તમામ પ્રકારે મદદ કરવાની શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનું પાલન કરી લોકોએ મંદિરોને જે દાન આપ્યું છે એ જરૂર પડ્યે લોકો માટે ઉપયોગ કરી અને પોતાની ફરજ નિભાવી પણ જાણે છે. એમાં સ્વામિનારાયણ સંપ્રદાય હંમેશા મોખરે હોય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-ર ગાંધીનગર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ ૫૦ બેડનું કોવિડ કેર સેન્ટર તા. ૩-૫-૨૦૨૧ ના રોજ ખુલ્લું મુકવામાં આવ્યું. જેમા ૭૦ જેવા દર્દીઓ પોઝીટીવ માંથી નેગેટીવ થઈ રજા લઈ ઘરે ગયા છે અને હાલમાં ૧૫ દર્દીઓની સારવાર ચાલું છે. કોવિડ કેર સેન્ટરમાં સવારે ને સાંજે સંપ્રદાયની પરંપરા મુજબ આરતી ધૂન કરવામાં આવે છે. યોગાસન કરવામાં આવે છે. સવારે ઉકાળો નાસ્તો, ૧૦-૦૦વાગે લીંબુ સરબત, ૧૧-૩૦ વાગે જમાવનું અને સાંજે ૪-૦૦ કલાકે ફ્રૂટ, ૭-૩૦ વાગે જમવાનું અને રાત્રે હળદર વાળુ દૂધ અપાય છે. સાથે સાથે તમામ પ્રકારની મેડીસીન ઓક્સિજન જેવી જરૂરિયાત વિના મૂલ્યે અપાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રેરણાથી આપણા અનેક મંદિરોમાં યેનકેન પ્રકારે આ મહામારીમાં મદદ કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. (સ્વામી દેવપ્રકાશદાસજી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર સુદ-૩ | શાંતિભાઈ નાનજીભાઈ (ચુરમાના લાડુ) | કલ્યાણપુરા |
| ચૈત્ર સુદ-૩ | ભાવસાર શૈલેષભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૫ | પટેલ સુનીલભાઈ બાબુભાઈ (માલપુંવા) | રાજપુરવાળા |
| ચૈત્ર સુદ-૮ | અ.નિ. હાલાઈ સુશીલા અનિલ વાલજી (મગસ) | કોડકી-કચ્છ |
| ચૈત્ર સુદ-૯ | માધવજી શામજી બુધવા (ડ્રાઈફ્રૂટ હલવો) | |
| ચૈત્ર સુદ-૯ | અ.નિ. મગનભાઈ નાનજીભાઈ ગોળવીયા (મૈસુબ) | વડોદરા |
| ચૈત્ર સુદ-૯ | ભાવસાર શૈલેષભાઈ (ફરાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૦ | અ.નિ. કમળીબા કે. પટેલ, કેશલલાલ મગનલાલ પટેલ (ચુરમાના લાડુ) | બાકરોલ |
| ચૈત્ર સુદ-૧૦ | ખેતાણી મનજીભાઈ રવજીભાઈ (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૧૦ | અ.નિ. કુબેરભાઈ મણીલાલ પટેલ (મગસ) | રૂપાલ |
| ચૈત્ર સુદ-૧૦ | પટેલ હિમાંશુભાઈ કરશનભાઈ (બાસુંદી પુરી) | બાપુનગર |
| ચૈત્ર સુદ-૧૧ | પટેલ પંકજભાઈ શામળભાઈ (ડ્રાયફ્રુટ હલવો) | ઝુંડાલ |
| ચૈત્ર સુદ-૧૧ | ભાવસાર શૈલેષભાઈ, માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર (ફરાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૨ | અ.નિ. કુરજીભાઈ કાનજીભાઈ ભુવા પરિવાર (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૧૨ | યાશિકા નિલકંઠ મહાજન (મોહનથાળ) | જલગાંવ |
| ચૈત્ર સુદ-૧૨ | પ્રવિણભાઈ નસિત (શ્રીહરિ ઈન્ફ્રાસ્ટ્રકચર) (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૩ | ચંદારાણા નિર્ભય જયસિંહ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૫/૧ | અ.નિ. કુંવરજી પ્રેમજી વેકરીયા (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩ | અ.નિ. રણછોડભાઈ ડાહ્યાભાઈ પટેલ (બુંદીના લાડુ) | આંતરોલી |
| ચૈત્ર વદ-૪ | પાંચાણી ભાવનાબેન રસિકભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૪ | અ.નિ. નંદુભાઈ ગાંડાભાઈ પટેલ (મગસ) | ઝુંડાલ |
| ચૈત્ર વદ-૬ | ભાવસાર દેવાંશ ચિંતનભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૬ | પટેલ હિતેષભાઈ રતીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૬ | અ.નિ. કૈલાશબેન નવીનભાઈ સોની (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૭ | અ.નિ. ઠક્કર યોગેશભાઈ રતીલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૭ | અ.નિ. પટેલ ભાનુબેન ભીખાભાઈ (મોતૈયા લાડુ) | લસુન્દ્રા |
| ચૈત્ર વદ-૮ | અ.નિ. કોઠારી નાનજી ભગત ગુરુ આત્મારામ ભગત (સાટા જલેબી) | ઝુંડાલ |
| ચૈત્ર વદ-૮ | સોની કંચનબેન બાબુલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૮ | અ.નિ. પટેલ પોપટલાલ મરઘાભાઈ (મોહનથાળ) | પોર |
| ચૈત્ર વદ-૯ | જયેશભાઈ વિનુભાઈ તથા અલકાબેન જયેશભાઈ (ચુરમાના લાડુ) | |
| ચૈત્ર વદ-૯ | અ.નિ. માવજી કરશન હાલાઈ (મગસ) | કોડાઈ-કચ્છ |
| ચૈત્ર વદ-૧૦ | ચૌધરી બળદેવભાઈ નરસંગભાઈ ગલબાભાઈ (મગસ) | માણેકપુર |
| ચૈત્ર વદ-૧૧ | ભાવસાર શૈલેષભાઈ (હરિૐ પરિવાર) (ફરાળ) | સરસપુર |
| ચૈત્ર વદ-૧૨ | અ.નિ. અરવિંદભાઈ વિઠ્ઠલદાસ પટેલ (બુંદીના લાડુ) | કલ્યાણપુરા |
| ચૈત્ર વદ-૧૨ | પટેલ ભારતીબેન નરેશભાઈ (ચુરમાના લાડુ) | નિકોલ |
| ચૈત્ર વદ-૧૨ | પટેલ મંજુલાબેન જગદીશભાઈ (મગસ) | ઓળા-કલોલ |
| ચૈત્ર વદ-૧૨ | અ.નિ. મીસ્ત્રી કાર્તિક બળદેવભાઈ (મોહનથાળ) | સરઢવ |
| ચૈત્ર વદ-૧૨ | અ.નિ. ગૌરીબેન કાંતિભાઈ પટેલ (મોહનથાળ) | થોડમલપુરા |
| ચૈત્ર વદ-૧૨ | પટેલ જગદીશભાઈ ચિમનલાલ (મોહનથાળ) | ગાંધીનગર |
| ચૈત્ર વદ-૧૪ | અ.નિ. જયાબેન નરસીભાઈ પટેલ (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૪ | અ.નિ. શારદાબેન કોદરભાઈ પટેલ (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૪ | અ.નિ. પટેલ વાલીબેન ગંગારામભાઈ (મગસ) | મેમનગર |
| ચૈત્ર વદ-૩૦ | પટેલ આરના કુનલકુમાર (બુંદીના લાડુ) | ધમાસણા |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ००૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨
ગાંધીનગરમાં કોવિડ સેન્ટર



શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા
દ્વારા કોરોના ના દરદી માટે
નિઃશુલ્ક ટિફીન સેવા



શ્રીસ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ
પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને
અ.સૌ.ગાદીવાળાશ્રી તથા પૂ. લીલાબાના નેતૃત્વમાં સંચાલિત
સંપ્રદાયના માનવતાની વિચારધારાના ભાગરૂપે

તા.૧૮-૯-૨૦૧૮થી સેવા આપતી **"આંગન"** સંસ્થા
કોરોના મહામારીમાં મા-બાપ ગુમાવનાર ૧ થી ૧૮ વર્ષની
બાલિકાઓને સ્વીકારશે.

પ્રવેશ મર્યાદિત જગ્યાના આધારે અને નિઃશુલ્ક રહેશે.

aangan

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા એક પહેલ...

સ્થળઃ- શ્રીસ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
સંપર્ક- રૂપમ : 98253 79500 • હીરલ : 98799 22355

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# પર્વ

૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશો.
htpp://www.swaminarayan.in/donation

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003/2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

Praful Kharsani